



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૬ અંક : ૬૬ ઓક્ટોમ્બર-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | તુલસી પત્ર | ૦૪ |
| ૦૪. | લખચોરાસીનું કારણ જ વાસના | ૦૬ |
| ૦૫. | પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ઓકલેન્ડ) | ૦૮ |
| ૦૬. | પંચ વર્તમાન | ૧૦ |
| ૦૭. | આ વાર્તા (તમારા) કલ્યાણની છે | ૧૧ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૨ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૭ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૨ |

# ॥ અસ્મદીયમ્ ॥

શ્રાવણ અને અધિક માસમાં ઉત્સવોની પરંપરા ચાલી. કથા-પારાયણો, જન્માષ્ટમી ઉત્સવ, આખો અધિક પુરુષોતમ માસમાં પણ સતત ઉત્સવ ચાલું રહ્યાં. દરેક આપણા શિખરબધ્ધ મંદિરમાં ઠાકોરજીને ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયા. હરિભક્તોએ આવો અવસર ચૂકી ન જવાય તે માટે યજમાન બનીને મહા અલૌકિક લાભ લઈ જીવન સુફળ કર્યું.

સર્વાવતારી સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આ કળિકાળમાં બહું જ સુગમ પડે તેવું સરળ દરેક વ્યક્તિ ભજન-સ્મરણ કરી શકે, સત્તશાસ્ત્રોનું વાંચન કરી શકે, સાષ્ટાંગ દંડવત, પ્રદક્ષિણા આ બધું ખૂબ જ સહજતાથી થાય. માટે જ મહારાજે કલ્યાણ સરળ બનાવી દીધું છે. પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે આ મહારાજ આપણને પ્રત્યક્ષ મળ્યા છે તેની ઉપાસના ચોખ્ખી રાખજો. બસ એક જ વાત કે ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરિ અને સર્વ અવતારીના અવતારી છે. આ જીવમાં જડી જાય એટલે આપણું કલ્યાણ સહેજે થઈ જશે. બીજું ખાસ ૨૪ ઓકટોબરના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમથી ઉજવાશે. સમસ્ત સત્સંગને પધારવા આમંત્રણ છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૨)



૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ અધિક માસ નિમિત્તે ઠાકોરજીના અભિષેક પ્રસંગે પધરામણી.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ મહાપૂજા પ્રસંગે પધરામણી.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર અધિક માસ નિમિત્તે ઠાકોરજીના અભિષેક પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સમૂહ મહાપૂજા પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા કથા પ્રસંગે પધરામણી.

સાંજે ચરાડવા પધરામણી.

૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા અધિક માસ નિમિત્તે ઠાકોરજીના અભિષેક પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર મેમનગર દ્વારા અને પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી) તરફથી આયોજીત કથા પ્રસંગે પધરામણી. બી.ડી. રાવ હોલ, મેમનગર.

૧૪-૧૫. માંડવી (કચ્છ) પધરામણી.

૧૬. મેમનગર (બી.ડી. રાવ હોલ) કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ પંચવટી (નિર્માણાધિન મંદિરમાં) કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ કથા પ્રસંગે પધરામણી.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે આરતી ઉતારવા પધાર્યા.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ધૂળકોટ (હાલાર-મૂળી દેશ) નૂતન મંદિર ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કંજરીકંપા પધરામણી.

૨૩. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગર દ્વારા આયોજીત લુણાવાડા (પંચમહાલ)માં સ્નેહ સંમેલન શિબિર પ્રસંગે પધરામણી.

૨૬. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જલઝીલણી એકાદશીના શ્રી ગણતિજીના વરઘોડા પ્રસંગે પધરામણી.

રાત્રે નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પ.ભ ઘનશ્યામભાઈ પટેલ (ફુવા)ને ત્યાં પધરામણી.

૨૮. પ.ભ. શંકરલાલ નારણદાસ (કોઠાવાળા)ને ત્યાં પધરામણી).

૨૮-૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ચોબારી (કચ્છ) વાગડ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

રાત્રે મૂળી મંદિર પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૧૨)

૧. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવના મહાભિષેક પ્રસંગે પધરામણી

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા અધિક માસ નિમિત્તે ઠાકોરજીના અભિષેક પ્રસંગે પધરામણી

૧૨. મેમનગર ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત કથા પ્રસંગે પધરામણી, બી.ડી. રાવ હોલ.

૧૫. કલોલ પંચવટી (નિવનિર્માણ મંદિર) શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી

૨૧. પ.ભ. રાજદિપ ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટને ત્યાં પધરામણી, નારણપુરા.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા બાળ શિબિર પ્રસંગે પધરામણી.

૨૬. જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડામાં પધાર્યા.

# તુલસી પત્ર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



ભગવાન વિષ્ણુના શ્રાપથી લક્ષ્મી તુલ્ય વંદા તુલસીના સ્વરૂપે બન્યાં અને વંદાના શ્રાપથી વિષ્ણુ ભગવાન શાલિંગરામ સ્વરૂપે બન્યાં લક્ષ્મી અને નારાયણના સ્વરૂપ છે. એક વાર ગણેશજીએ લક્ષ્મીજીને અસુરની પત્ની અને વૃક્ષ નો દેહ થશે એવો શ્રાપ આપ્યો હતો. તેથી લક્ષ્મી સ્વરૂપા શંખચૂડના પત્ની વૃંદા બન્યાં અને ભગવાન વિષ્ણુ વૃક્ષના દેહનો શ્રાપ આપ્યો ને તે સમયે ભગવાને ચરણોમાં હંમેશાં અવિચળ સ્થાન આપ્યું. ત્યારથી લક્ષ્મી સ્વરૂપા ભગવતી તુલસી અને ભગવાન શાલિંગરામનો નિત્ય સંયોગ માનવામાં આવે છે. ભગવાન નારાયણના નૈવેધ અને પૂજામાં તુલસી અર્પણ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે, હિમાલયનાં દામોદર કુંડમાં તુલસીપત્ર પધરાવવાથી શાલિંગરામ બહાર આવી જાય છે. શાલિંગરામની પૂજા ચંદન અને તુલસીદલથી કરવામાં આવે છે. રાત્રે શયનના સમયમાં તુલસીદલને મૂર્તિપરથી લઈને પડખે રાખવામાં આવે છે. બીજા દિવસે પ્રાતઃકાળે અભિષેક સમય બાદ ગઈકાલના તુલસીદલ પ્રસાદ રૂપે ચરણામૃત તરીકે લેવામાં આવે છે. તુલસીદલ નારાયણ (વિષ્ણુ) સ્વરૂપ સિવાય અન્ય સ્વરૂપને ચડાવવાનો નિષેધ છે.

પદ્મ પુરાણમાં કહ્યુ છે કે : તુલસીપત્ર સ્નાન કર્યા પછી તોડવામાં આવે છે, અન્યથા પાપનો ભોકતા બને છે. સ્કન્દપુરાણમાં વચન છે કે, તુલસીપત્રના એક એક પત્તને તોડવા નહી મંજરીની સાથે પત્ત તોડવાનું શ્રેષ્ઠ કહેલ છે. તુલસીદલ તોડવાના સમયે બે હાથ જોડી પ્રાર્થના કરી નીચે મુજબનો મંત્ર બોલવો.

तुलस्यमृतजन्मासि सदा त्वं केशवप्रिया।

चिनोमि केशवस्यार्थं वरदा भव शोभने ॥

તુલસીપત્ર તોડવા માટે નીચે જણાવેલ સમયમાં નિષેધ કરેલ છે. વ્યતિપાત-વૈધ્રૃતિયોગ, મંગળવાર, શુક્રવાર, રવિવાર અને બારસ, અમાવાસ્યા અને પૂર્ણિમા તિથિઓ. જન્મ મરણના સૂતક સમયે. પ્રાતઃ સંધ્યા અને સાયમ સંધ્યા તેમજ રાત્રિના સમયે તુલસીદલ તોડવા નહિ. તો નિષેધના સમયમાં તુલસીદલ વૃક્ષથી નીચે પડેલાં પત્ર લઈને પૂજાના ઉપયોગમાં લેવાં, અને ચંપલ, જૂતા પહેરીને પણ તુલસીદલ તોડવાં નહિ. દરરોજ ભગવાનનાં થાળમાં તુલસીપત્ર મુકવા. સુકાયેલાં તુલસીપત્રનો પણ પૂજાવિધિમાં ઉપયોગ કરી શકાય છે.

નિત્ય પ્રાતઃકાળે સ્નાન વિધિ કર્યા બાદ આ મંત્ર બોલીને सौभाग्यं सन्ततिं देवि, धन धान्यञ्चमे सदा, आरोग्य शोक शमनं, कुरु मे माधव प्रिये તુલસીના છોડ ઘરની બહાર આગળના ભાગે રાખીને તેમાં જળ ચડાવવું અક્ષત ચડવવા. તથા દીપ અર્પણ કરવો. અને ધ્યાન રહે કે તેના પર કચરો ન નાખવો. તેની બાજુમાં ચંપ્પલ-જૂતા ઉતારવા નહિ. થુંકવુ નહિ. બાથરૂમની

બાજુમાં ન રાખવાં વિગેરે. સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ માનીને પવિત્રતા જાળવવી. જેના ઘરની આગળ તુલસીના છોડ હોય તે ભક્તના ઘરની નિશાની છે. જ્યારે હનુમાનજી લંકામાં સીતાની શોધમાં ગયા ત્યારે રાક્ષસોની નગરીમાં સહાયતાં માટે ભગવાનના ભક્તની શોધ કરતા કરતા વિભિષણના ઘરની આગળ તુલસીના છોડ જોઈને વિશ્વાસ થયો કે આ ઘરમાં રહેનારા ભગવાનનાં અનુરાગી હશે.

જેના ઘરની આગળ તુલસીના છોડ હોય તે ગૃહસ્થના સૌભાગ્ય અને વંશ તેમજ સમૃદ્ધિનું સદાય રક્ષણ થાય છે. તેથી પ્રાતઃકાળમાં સૌભાગ્ય નારીએ સ્નાનાદિથી નિવૃત થઈને ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તુલસી પૂજા કરવી.

ભગવાન વિઠ્ઠલનાથજીએ કરેલા વ્રતોત્સવમાં કારતક સુદ એકાદશી પૂર્ણિમાં પર્યન્ત તુલસી વિવાહનો ઉત્સવ કરવામાં આવે છે. તુલસી વિવાહનો ઉત્સવ કરનાર, કરાવનાર તેમજ દર્શન કરનારની તુલસી દેવીની જેવી ઈષ્ટદેવમાં ભક્તિ અનુરાગ થાય છે. વળી ગૃહસ્થાશ્રમનું સૌભાગ્ય લક્ષ્મીનારાયણની જેમ અખંડ રહે છે. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને વિઠ્ઠલનાથજીના વ્રતોત્સવો કરવાની પરંપરા પ્રવર્તાવેલ છે.

તુલસીપત્ર આરોગ્યની દષ્ટિએ ઔષધીઓનો રાજા છે. તેમાં રોગપ્રતિકારક શક્તિનો ભંડાર છે. ઘરની બહાર છોડ હોય તો પણ હવામાં ફરતા પ્રતિકુળ જંતુઓનો પ્રતિકાર તેમજ નાશ કરે છે. તુલસીપત્રના સેવનથી અનેક હઠીલા રોગોમાંથી મુક્તિ મળે છે. તેનો વિસ્તાર ચરક સંહિતામાં જણાવેલ છે.

દાનવિધિમાં તુલસીના છોડનું દાન સર્વ મનોકામના પૂર્ણ કરનારું છે.

ઘરની આગળ તુલસીના છોડથી લક્ષ્મી સહિત નારાયણની હાજરીનું સૂચક અને તુલસીના અભાવમાં આસુરી તત્વોની હાજરીનું સૂચક છે.


**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.vadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

# લખચોરાસીનું કારણ જ વાસના

- જયંતિભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)



વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણનાં ૨૦ માં દિનાનાથ ભટ્ટે શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો જેના ઉત્તરમાં શ્રીજી મહારાજ બોલ્યા જે ''જીવે જે પૂર્વ જન્મને વિષે કર્મ કર્યા છે તે કર્મ પરિપકવ અવસ્થાને પામીને જીવ ભેળા એકરસ થઈ ગયા છે, જેમ લોઢાને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યા એવા જે કર્મ તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ ''આમ પૂર્વ કર્મના ફળ સ્વરૂપે મનુષ્ય યોનિમાં જન્મ મળે છે અને પૂર્વકર્મ અનુસાર જ જે તે યોનિમાં સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે. પૂર્વ કર્મને આધિન ભરતખંડમાં મનુષ્ય યોનિમાં જન્મ મળ્યો છતાં આ લોકના અસહ્ય દુઃખ જેવા કે અધ્યાત્મ અધિભૂત તથા અધિદૈવ જેવા ભોગવવા પડે છે.

<u>અધ્યાત્મ :</u> એટલે જીવલેણ જવર તાવ આવે કે અનેક પ્રકારની વ્યાધિ કેવી મહાબિમારી થાય કે વગર વાંકે લોક માટી નાંખે વિગેરે.

<u>અધિભૂત :</u> રાજ્યમાં હોય તો રાજા (સરકાર) દંડે લૂંટી જાય આનાથી બચવા એકાંતમાં કે વગડા જેવા એકાંત સ્થાને જાય ત્યાં ચોર-લૂંટારા કે ધાતકી ભીલ જેવી પ્રજા લૂંટીને મારી નાંખે.

<u>અધિદૈવ :</u> પ્રમાણિક વેપાર ધંધો કરવા જાય છતાં લોક પૈસા ઘાલી જાય. બચાવ માટે કોર્ટ-કચેરી વિગેરેનો સહારો લઈ અનેક પ્રકારનાં દુઃખોનો સામનો કરવો પડે અને આમને આમ દુઃખમાં જીવન વ્યતિત કરવું પડે. જો ખેતીવાડીમાં હોય તો ત્યાં તીડ પડે, હીમ પડે, કાળ પડે ત્યારે સર્વનાશ નોતરે આવા અનેક પ્રકારના દુઃખો લોકમાં ભોગવવા પડે છે.

ત્યાગાશ્રમમાં કે ગૃહસ્થાશ્રમમાં જો ભગવાનનો પરિપક્વ નિશ્ચય અને મહિમા અંતરમાં ઉતારીને બીજા જીવને મહારાજનો જેમ તેમ મહિમા સમજાવી ભગવાનનાં ધામમાં પમાડે અને પોતે પણ ભગવાનનાં ધામને પામે છે. પરંતુ આ મનુષ્યની યોનિમાં ભગવાનનું ભજન કે અન્ય કોઈ પુણ્યકર્મ નથી કરતો તે લખચોરાસીમાં જાય છે. કરોડો વખત જીવ લખચોરાસીમાં ભમ્યો છે. જેના પ્રમાણરૂપે શ્રીજી મહારાજે કહ્યું છે કે સમુદ્રમાં જેટલું પાણી છે તેટલું જીવ માતાનું ધાવણ ધાવ્યો છે. આમ લખચોરાસીમાં જીવને પોતે કરેલા પાપ-પુણ્યનાં કર્મો મુજબ યમરાજા સોનાના દરવાજા, ચાંદીના દરવાજા, તાંબાના દરવાજા કે લોઢાના દરવાજામાંથી તેમનાં પાપ-પુણ્યનાં હિસાબ મુજબ લઈ જાય છે.

<u>સોનાનો દરવાજો :</u> ખૂબજ પુણ્યશાળી આત્માને સોનાના દરવાજામાંથી માન સન્માન સાથે રથ ઉપર, પાલખીમાં બેસી મેના કે વિમાનમાં બેસીને ધર્મરાજા પાસે લઈ જાય છે. ત્યાં ધર્મરાજા પૂછે છે કે તમે શું પુણ્ય કર્મ કર્યું છે. ત્યારે જીવે દેહ પંર્યત બ્રહ્મચર્યવ્રત પાળ્યું હોય, ભગવાનનું ભજન જ્ઞાનવાર્તા કે તપ કર્યું હોય, જીવોને ભગવાનના માર્ગે ચડાવ્યા હોય ન્યાયપૂર્વક ધન-સંપત્તિ કમાઈ સાધુ-સંતો બ્રાહ્મણોને જમાડ્યા હોય. અબોલ પ્રાણીને ઘાંસ-પાણી-દાણા નાંખી તૃપ્ત કર્યા હોય તે સર્વે જણાવે છે. આવા પુણ્યાત્માને ધર્મરાજા સત્યલોકનો લેખ કરી આપે છે. આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી સત્યલોકમાં રહી સુખ ભોગવ્યા કરે. ઉપરોક્ત કહ્યા મુજબ પુણ્યાત્મા હોય પરંતુ રજોગુણ પ્રધાનપણે હોય તો તેને.

<u>રૂપાના દરવાજાથી :</u> રથ પાલખી મેના વિમાનમાં બેસાડી ધર્મરાજા પાસે લઈ જાય છે. ત્યાં ધર્મરાજા પૂછે છે કે આવી રીતે સો જન્મ સુધી પુણ્ય કર્યા હોય તેવા મનુષ્યને સો જન્મનો લેખ કરી દેવલોકમાં મોકલી દે છે જેને પચાસ જન્મ સુધી પુણ્યકર્મ કર્યા હોય તેને પચાસ જન્મના પુણ્યનો લેખ કરી આપે છે. પચ્ચીસ જન્મ સુધી આવું

પુણ્ય કર્મ કરનારને પચ્ચીસ જન્મ સુધીનો લેખ કરી દેવલોકના સુખ ભોગવાવે છે.

તાંબાનો દરવાજો : નહિવત પાપ-પુણ્ય કરનાર જીવાત્માને આ તાંબાનાં દરવાજેથી ચાલીને લઈ જાય છે. તેને માર પડતો નથી. જીવ ધર્મરાજાને જે કાંઈ પુણ્ય કર્મ કર્યું હોય તે કહી સંભળાવે છે. પછી ધર્મરાજા મનુષ્યનો દેહ ફરી આપે છે. અને જેટલા પુણ્યકર્મો કર્યા હોય તે મુજબ તેટલો તેને લેખ કરી આપે છે તે લેખ પ્રમાણે તે જીવ સુખને ભોગવ્યા કરે છે. જો જીવ કહે કે પુણ્યકર્મ કર્યું નથી ત્યારે તેને લખચોરાશીમાં મોકલી આપે છે. લખચોરાસીમાં નીચે મુજબની યોનિઓમાં તેની અવધિ મુજબ દેહ ધરે છે. (૧) જળજંતુની નવલાખ યોનિમાં દેહ ધરે છે. (૨) પક્ષીની દસલાખ યોનિ (૩) પશુની ત્રીસ લાખ યોનિ (૪) જે ઉગે તેવા ઉદબીજ યોનિ (૨૦) વીસ લાખ યોનિ (૫) સાપ સરસીયા જે પેટવરાણીએ ચાલનારની અગીયાર લાખ યોનિ અને (૬) ચાર લાખ યોનિ મનુષ્યની છે તેમાં બે લાખ ઉત્તમ મનુષ્ય યોનિ અને બે લાખ કનિષ્ટ મનુષ્ય યોનિ છે. મનુષ્યયોનિમાં ભગવાનનો નિશ્ચય કરી ભજન-ભક્તિ કરે તો જીવનો મોક્ષ થાય. પરંતુ મનુષ્ય યોનિમાં નીચ જાતિના પાપકર્મો કર્યા હોય જેવા કે, વ્યભિચાર-હિંસા-અધર્મ-અનિતિથી કે લૂંટફાટથી પૈસાની કમાણી કરી હોય તેવા પાપક્રમોવાળા મનુષ્યને જેમ લોઢાના દરવાજેથી મારતા-ઝુડતા ઘસડીને લઈ જાય છે. ત્યાં જેમનાં સોળ પુર છે. એટલે સોળ ગામડા તેમાં દરેક પુરમાં પાપી આત્માને મારતા-ઘસડતા લઈ જઈ ધર્મરાજા પાસે ઉભો કરે છે. ધર્મરાજા પુણ્ય પાપનો ખતનો ચોપડો કાઢીને જુએ છે તેમાં જે જે પુણ્ય પાપ કર્યા હોય તે પ્રમાણે દંડ આપે છે. પરસ્ત્રીનાં સંગ કરનારને લોઢાની સ્ત્રી ઉની કરીને એક હજાર વખત બાથ ભરાવે છે. દારૂ પીનારને તેનાં મોઢામાં શીશુ ઉનું કરીને રેડે છે. પ્રાણીઓ - માટી માંસ ભક્ષણ કર્યા હોય તેને ધગધગતા સળગાયેલા કોલસા મોંઢામાં નાંખે છે. આમ જીવે જેવા કર્મો કર્યા હોય તેવો લેખ ધર્મરાજા કરી આપે છે. લેખ જોઈને જમ કોઈને દસ કુંડમાં નાંખે. કોઈને પચ્ચીસ કુંડમા તો કોઈને સો કુંડમાં નાંખે છે. એવી રીતે છ લાખ ચોરાસી હજાર કુંડ છે. જેવા પાપ કર્યા હોય તેવા કુંડમાં લેખ મુજબ નાંખે છે. આવા અનંત દુઃખોમાંથી આજ જન્મે મુક્તિ મેળવવા ભગવાન સિવાય અન્ય પદાર્થમાંથી વાસના ટાળી એક ભગવાન અને ભગવાનનાં ભક્તની દેહે કરીને પરિચર્યા કરે તથા ભગવાનની કથા-વાર્તા કરે, ઈત્યાદિક નવ પ્રકારની ભક્તિ સંબંધી જે નિયમ પાળે ત્યારે જ વાસના ટળે. નહિ તો સત્સંગમાં રહીને પણ માન મોટપ અહંકાર વિગેરેને દૂર કરવાની કોશિષ પણ ન કરે તેના ઉપર પ્રભુનો રાજીપો ક્યારેય ઉતરતો નથી. સુજ્ઞ ભક્તોએ વાત હૃદયમાં ઉતારી પ્રભુ સંબંધી સુખ મેળવવા શુભ સંકલ્પ કરી આજથી જ સત્સંગમાં આ લોકના માન-મોટાઈ વિગેરેનો ત્યાગ કરી પ્રભુ પ્રાપ્તિ કરી લેવી એ આ મનુષ્ય દેહનું સાર્થક પણું છે.

**પ.પૂ. મોટા મહારાજશ્રીને વં...દ....ના.**
**પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**
**એલ.એ. મંદિર પધાર્યા તે પ્રસંગે સ્તુતિ**

વંદુ વળી મોટા મહારાજ, એલ.એ. મંદિર પધાર્યા છે આજ
દુર્લભ દર્શને મહાદુઃખ જાય, જેને પૂજે પ્રભુજી પૂજાય.
પરમ ગાદી નરનારાયણદેવ, સદા આપે કરી જેની સેવ,
રહ્યા સદાય પ્રસન્ન મન, જોઈને રાજી આશ્રિત જન.
મધુરી વરસે મુખ વાણી, વિચરો સદ ઉમંગ આણી,
પૂન્ય પૂર્વના પ્રગટે જેના, દિવ્ય ભાવ સદા રહે તેના.
જગમા વિચર્યા ગામોગામ, કર્યા તીર્થક્ષેત્ર ઠામેઠામ,
યજ્ઞ ઉત્સવો કરે છે આજ, ફરે દેશ પ્રદેશે મહારાજ.
મોટો મહિમા એવો હું જાણી, મારી સુફળ કરૂ છું વાણી,
ટાળ્યા જેને અજ્ઞાન અનાદિ, બિરાજી નરનારાયણ ગાદી.
મનથી લે શરણું શુધ્ધ ભાવે, અંતે અક્ષરધામ સિધાવે,
હાથ આવ્યું છે એવું આ ટાણું, નહિ મળે એ ખરચે નાણું,
રાજે રોમરોમ શ્રીજી પ્રકાશ, સદા શ્રીજી તણો જેમા વાસ.
જન જાણો મહિમા ઉમંગે, કહ્યો મતિ પ્રમાણે પ્રસંગે,
શ્રીજી મુરતિ મમ ઉર રહેજો, માંગુ તવપાસ આશિષ દેજો.
નેહ નવલો નિતનિત થાય, પ્રભુ સાથે દ્રઢ પ્રીત બંધાય.
શ્રીહરિ સૂત કોશ-તેજ-દેવ ચરણાનુરાગી સેવક રામાનુજ

# પ.પૂ. મોટા મહારાજશ્રીની અમૃતવાણી (સીડની-ઓકલેન્ડ)

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
સહયોગ : હજુરી પાર્ષદ શ્રી કનુ ભગત ગુરુ હજુરી પાર્ષદ વનરાજ ભગત



વિદેશમાં **Self Introduction** નો રિવાજ છે. આજે મારે **Self Introduction** આપાવું છે. સ્વામિનારાયણ ભગવાનના વખતમાં પાંચસો મોટા મોટા આગેવાન પરમહંસ સંતો હતા. જેઓ દરેક સંતો ખૂબ મોટા વિદ્વાન, કલા કુશળ, સારા વક્તા અને ઐશ્વર્યવાળા હતા. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ એક પ્રયોગ કર્યો. બ્રહ્મચારી વાસુદેવાનંદ વર્ણીને મહારાજે પોતાની ગાદી પર બેસાડીને સ્વયં તેઓની આરતી ઉતારી. આ પ્રયોગ એક-બે દિવસ જ ચાલ્યો. લાંબુ ચાલ્યો નહિ. બીજા સંતો પણ વર્ણીની સમકક્ષ હોવાથી સંતોને પણ આ પ્રયોગ રુચ્યો નહિ. વર્ણીને પણ મહારાજ આટલું માન આપે, પોતાની ગાદી પર બેસાડે એ બહુ બોજારૂપ લાગ્યું એટલે તેઓ રડવા લાગ્યા. ''મહારાજ ! આ ભાર અમારાથી વહન ન થાય, અમે તો ત્યાગી છીએ.''

પછી સંતોના કહેવાથી સ્વામિનારાયણ ભગવાને પોતાના બન્ને ભાઈઓને બોલાવ્યા. સંતો-ભક્તોની મોટી સભામાં મહારાજે બન્ને ભાઈઓને કહ્યું કે અમને તમારો એક-એક પુત્ર આપો. એ જરૂરી નથી કે મોટો પુત્ર હોય અથવા નાનો હોય પરંતુ જે ધર્મ પાળતો હોય અને અમારી ગાદી પર બેસીને આશ્રિતો પાસે પળાવી શકે તેવો હોય એ પુત્ર તમે આપો. સ્વંય શ્રીજી મહારાજની જ પસંદગીથી બન્ને ભાઈઓએ એક એક પુત્ર આપ્યો. વેદોક્ત વિધિથી બન્નેને મહારાજે દત્તપુત્ર તરીકે સ્વીકાર્યા અને મોટા ભાઈના પુત્રને અમદાવાદ ગાદીના આચાર્ય બનાવ્યા તેમજ નાના ભાઈના પુત્રને વડતાલ ગાદીના આચાર્ય બનાવ્યા. આમ મહારાજે ધર્મદેવના કુળમાં આચાર્યપદ સ્થાપ્યું છે.

અમદાવાદ ગાદીની આચાર્ય પરંપરામાં **I am 6th in the line** સ્વામિનારાયણ ભગવાને એક યુનિક સિસ્ટીમ બનાવી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય **Married** (પરિણીત) હોવા જોઈએ અને તેના જે પુત્ર હોય તે પછીના આચાર્ય બને છે. એજ સમયે મહારાજે આચાર્યના કેટલાક ધર્મ નિયમો પણ આપ્યા છે. આચાર્યને અન્ય સ્ત્રી સાથે બોલવાનું હોતું નથી કે સ્પર્શ કરવાનો હોતો નથી. આચાર્યના જે પત્ની હોય તે સંપ્રદાયની આશ્રિત સ્ત્રીઓને ગુરુમંત્ર આપે એવો અધિકાર સ્વયં સ્વામિનારાયણ ભગવાને આપ્યો છે. શ્રીજી મહારાજે એ સમયે સ્થાપેલી આ પરંપરા ત્યારથી માંડી આજ પર્યંત ચાલુ છે. શ્રીજી મહારાજે જ નક્કી કર્યા મુજબ આચાર્યના બે મુખ્ય કાર્યો છે. જે મૂર્તિની પ્રતિષ્ઠા આચાર્યશ્રી કરે અને સંત દીક્ષા તથા ગુરુમંત્ર આચાર્યશ્રી આપે છે તે જ મૂર્તિ સંપ્રદાયમાં **Valid** (માન્ય) ગણાય છે. આશ્રિતોએ સેવવા યોગ્ય ગણાય છે.

ઘણા સમય પહેલા અમે એકવાર શારજાહ દુબઈ ગયા હતા. અત્યારે તો નિયમો બહુ હળવા થઈ ગયા છે. એ સમયે બહુ કડક નિયમો હતા. અમારી સાથે પૂજાની હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી. આવી મૂર્તિ સાથે લઈ જવાની મનાઈ હતી. ચેકીંગમાં અધિકારીઓએ રોક્યા. મૂર્તિને જોઈને તેઓ કહે, ''કોણ છે આ ? સાથે ન લઈ જવાય !'' એક ક્ષણ તો મનમાં નિર્ણય લેવાઈ ગયો કે પૂજાની આ મૂર્તિ જો સાથે ન લઈ જવા દે તો અહીંથી પાછા વળી જવું. પરંતુ બીજી જ ક્ષણે વિચાર સુઝ્યો એટલે કહ્યું કે ''અમારા દાદા છે આ !'' તેઓએ મૂર્તિ જોઈ, અમને જોયા, પછી કહે, ''સારું લઈ જાવ !'' **Ultimatly they aggried !**

આચાર્યના બે મુખ્ય કાર્યો છે : (૧) મૂર્તિ પ્રતિષ્ઠા (૨) સંત દીક્ષા તથા ગુરુમંત્ર. જે મૂર્તિની પ્રતિષ્ઠા આચાર્ય કરે છે તે જ મૂર્તિ સંપ્રદાયમાં **Valid** (માન્ય) ગણાય છે. સેવવા યોગ્ય ગણાય છે. તેવી જ રીતે જે ત્યાગીને આચાર્યશ્રીએ સંતદીક્ષા આપી હોય તથા ગૃહસ્થને ગુરુમંત્ર આપ્યો હોય તેવા જ સંત-હરિભક્તોને શ્રીજી મહારાજે માન્ય કરેલા છે. આચાર્ય થકી દીક્ષા પામેલા સાધુ જ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ ગણાય છે. તો સ્વયં શ્રીજી મહારાજે જ સ્થાપેલી આ પરંપરા જેઓએ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું હોય તે સૌ કોઈ

આશ્રિતોએ જાણવા યોગ્ય છે.

સ્વામિનારાયણ ભગવાનને ઘણા લોકો કહેતા કે, આ મરેલાને જીવતો કરો. ત્યારે મહારાજ ઘણીવાર મરજીમાં આવે તો મરેલાને જીવતો પણ કરે, પોતે ભગવાન હોવાથી સમર્થ છે. પરંતુ ઘણું કરીને એવું કેહતા કે અમને મરેલાને જીવતો કરતા આવડતું નથી. પરંતુ મનુષ્યને વારંવાર મરવું ન પડે એવી જીવન જીવવાની કળા શીખવાડતા અમને આવડે છે. શિક્ષાપત્રીમાં મહારાજે આપણને એ બતાવ્યું છે. દરેક ધર્મગ્રંથો, સત્‌શાસ્ત્રોના સારરૂપ સારામાં સારી વાતો મહારાજે શિક્ષાપત્રીમાં લખી છે. જે દરેક મનુષ્ય માટે ઉપયોગી છે. કોઈપણ ધર્મનો કે સંપ્રદાયનો આશ્રિત મનુષ્ય હોય તે દરેકને શિક્ષાપત્રી વાંચે એટલે એવું લાગે કે આ તો અમારા ધર્મની વાત લખી છે. જૈન હોય તેને એવું લાગે કે આ અહિંસાની વાત તો અમારા ધર્મમાં લખી છે. ક્રિશ્ચયન ધર્મનો અનુયાયી હોય તેને એમ લાગે કે આ ૧૦ નિયમો તો અમારા ધર્મમાં પણ છે. **Day to day** (રોજબરોજ) કેવી રીતે જીવન જીવવું તેની કલા, દરેક પ્રકારની નાની-મોટી વાતો ધર્મના માધ્યમથી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં શીખવાડી છે. દાખલા તરીકે મહારાજે લખ્યું કે આવકથી વધારે ખર્ચ ન કરવો. આજ્ઞા બહુ નાની લાગે પરંતુ આ પ્રકારની નાની ગણાતી આજ્ઞા લોપવાથી પણ જ્યારે મનુષ્યના જીવનમાં મોટું દુઃખ આવે ત્યારે એ આજ્ઞા બહુ મહત્વની બની જાય છે.

સ્વામિનારાયણ ભગવાને આવી એક સ્વલિખિત શિક્ષાપત્રી સરમાલ્કમ એ વખતની બ્રિટીશ ગવર્નમેન્ટને ભેટ આપી હતી. આ શિક્ષાપત્રી આજે પણ બ્રિટીશ મ્યુઝિયમ ઓક્સફર્ડ યુનિવર્સીટીમાં રાખવામાં આવી છે. બૉન્ડ લખી આપ્યા બાદ જ આપણા મંદિરોમાં તેઓ શિક્ષાપત્રી દર્શનાર્થે લઈ જવા દેતા અને એ પણ સંપૂર્ણ સિક્યોરીટી સાથે. હાલમાં તો તેઓ શિક્ષાપત્રી કોઈપણ પ્રકારે ડેમેજ ન થાય તે માટે કોઈને સ્પર્શ કરવા દેતા નથી. આટલી તેઓને શિક્ષાપત્રીની મહત્તા છે. થોડા વર્ષો પહેલા અમને દર્શન કરવાની ઈચ્છા થઈ તેથી અમે ગયા તો અમને પણ સ્પર્શ કરવાની મનાઈ કરવામાં આવી ત્યારે સંતોએ કહ્યું કે જેમણે આ શિક્ષાપત્રી લખી છે તેમના છઠ્ઠી પેઢીના આ પુત્ર છે. આ સાંભળી તેઓએ અમને સ્પર્શ કરવા દીધો.

શિક્ષાપત્રી દરેક સંપ્રદાયના આશ્રિતો માટે ઉપયોગી છે. જે સંપ્રદાયમાં વ્યક્તિ હોય. પરંતુ એ સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાય કન્વર્ટ કર્યા વિના, દરેક મનુષ્ય પોતાનો ધર્મ સારી રીતે પાળે, શુધ્ધ ધર્મ પાળે તે સ્વામિનારાયણ ભગવાનનો હેતુ હતો. આજે પણ આપણા સંપ્રદાયમાં અમૂક શીખ લોકો તેના ચિન્હો રાખીને, ગુરુદ્વારાએ જાય છે. સાથે સાથે શિક્ષાપત્રીના નિયમોનું પાલન કરીને આપણા મંદિરોમાં પણ આવે છે અને સ્વામિનારાયણ ભગવાનની ભજન-ભક્તિ કરે છે.

એક અંગ્રેજ અધિકારીએ મહારાજને કહેલું કે, અમે આટલું સારું લશ્કર-સિપાઈઓ રાખીએ છીએ. તો પણ અમે બધા પર અમારો ઓર્ડર એક સરખો ચલાવી શકતા નથી તો તમે તમારા આટલી મોટી સંખ્યામાં આશ્રિતોને તથા તમારી સાથે ફરનારા આ દરેક ત્યાગી-ગૃહી તથા આ ઘોડેસવાર હથિયારધારી પાર્ષદોને કઈ રીતે મેન્ટેઈન કરો છો ? મહારાજ કહે, તમારો આ પ્રશ્ન અમારા આશ્રિતોને જ પૂછો ને ! ત્યારે શ્રીજી મહારાજની સાથે રહેલા કાઠી દરબાર ઘોડેસવાર પાર્ષદોએ તે અધિકારી સાહેબને કહ્યું કે તમારા જે સિપાઈ છે એમ અમે પણ સ્વામિનારાયણ ભગવાનના સિપાઈઓ જ છીએ. અમે વગર પગારે અમારા આ ઈષ્ટદેવની સાથે ફરીએ છીએ તો પણ જો યુધ્ધ થાય તો અમે અમારા આ ભગવાન માટે પ્રાણ આપી દઈએ. તેઓએ અમને શિક્ષાપત્રીના માધ્યમથી જીવન જીવવાની કલા શીખવાડી છે. વ્યસન રહિત કર્યા છે, જે અમારો પગાર છે. આ જવાબ સાંભળીને પેલા અધિકારીને ઘણું આશ્ચર્ય થયું અને મનમાં થયું કે જો યુધ્ધ થાય તો મારી પાસે મોટું લશ્કર હોવા છતાં આ થોડાને મારા સિપાઈઓ જીતી શકે નહિ !

**સંપ્રદાયનું ગૌરવ**

આપણા સંપ્રદાયના ધર્મકુળના કૃપાપાત્ર અને ગુજરાતી ફિલ્મ નાટકના જાણીતા કલાકાર પી. ખરસાણીનું તાજેતરમાં અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશન પ્રેરિત ''સંસ્કાર ચોરો'' અંતર્ગત જાહેર નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે ટાગોર હોલમાં ૩ કલાકના કાર્યક્રમ દરમ્યાન અમદાવાદના દિગ્ગજ કલાકારોએ જૂની રંગભૂમિના ગીતો રજૂ કરી તેમની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આવા ગૌરવ પદ સમાચાર જાણી પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમના પર ખૂબજ રાજી થઈ ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

# પંચ વર્તમાન

- ધીરુભાઈ ભીખાભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)

શ્રીજી મહારાજે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં આ જીવાત્માને સંબોધી ને જે ઉપદેશ આપેલા છે. પંચ વર્તમાન વિષે સાદી સીધી ભાષામાં ઓછું ભણેલા જીવાત્માને ઉદ્દેશીને એકાદશી નિયમ, આહાર શુદ્ધિ, પંચવર્તમાન અને ધર્મ ભક્તિ, જ્ઞાન વૈરાગ્યની જે વાત કરી છે તે ઘણી સાદી સ્વચ્છ અને અભણ મનુષ્યને ગળે ઉતરી જાય તેવી છે.

પંચ વર્તમાન એટલે વર્તન કરવાની પ્રતિજ્ઞા આ સંપ્રદાયમાં પ્રવેશ કરનાર સર્વ જીવાત્માને સરખી છે. પંચવર્તમાન દરેકને અવશ્ય પાળવાના છે. આ સંપ્રદાયમાં પ્રવેશ પામતા પહેલા થઈ ગયેલા અયોગ્ય આચરણ માટે યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કરી લેવું જોઈએ.

શ્રીજી મહારાજે પંચવર્તમાન ગૃહસ્થી અને ત્યાગી ભાઈ, બાઈ વગેરેને સરખા પાળવાની આજ્ઞા કરી છે અને ત્યાગી સંતો માટે વિશેષ આજ્ઞા કરી છે.

પંચવર્તમાન શું છે તો (૧) દારૂ, (૨) માટી, (૩) ચોરી, (૪) અવેરી (વ્યભિચાર), (૫) વટલવું, વટલાવવું નહિ આ પાંચ વર્તમાન નો સર્વથા ત્યાગ કરવાનો હોય છે. જ્યારે ત્યાગીઓ (સંતો)ને આ પાંચ વર્તમાન ઉપરાતં નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એ પાંચ વર્તમાન વધારે પાળવાનો છે.

ગાળ્યા વિનાનું પાણી, દૂધ વગેરે ગૃહસ્થ સત્સંગીઓ એ ન લેવું, તેવી સત્સંગિજીવનમાં પણ આજ્ઞા કરેલી છે.

''દારૂ, માટી, ચોરી, અવેરી એ ચારનો ત્યાગ કરી ભજી લ્યોને સહજાનંદ હરિ.''

શ્રીજી મહારાજે તો અભય વચન આપેલુ છે કે જો તમો વર્તમાન ધર્મ યથાશક્તિ પાળી સાચી સમાશ્રિત થશો તો હું તમારૂં રક્ષણ કરીશ. આ જગતના ક્રમ પ્રમાણે જીવનમાં સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ જીવ પ્રાણી માત્રને પ્રાપ્ત થાય છે. જો મારો દૃઢ આશ્રય રાખશો તો તમારે કોઈ સાધન કરવાનું બાકી રહેશે નહી. શ્રીજી મહારાજનું જે સ્વરૂપ તમોને પ્રત્યક્ષ મળેલું છે તે અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમનું છે. પરંતુ જો તમો પંચવર્તમાનની દૃઢ ટેક નહી રાખો તો તમારે મારે લેવા દેવા નથી.

આ જગતમાં ગંગાજીનું પાણી અને બીજું પાણી એ બે સરખા જણાય છે. શાલિગ્રામ અને બીજા પથ્થરને સરખા જણાય છે. તુલસીના પાન અને બીજા ઝાડના પાન સરખા જણાય છે. આપણા સંપ્રદાયના સાધુ અને પરોક્ષના સાધુ સરખા જણાય છે. આપણા સંપ્રદાયની મૂર્તિઓ અને રામકૃષ્ણાદિકને બીજા સંપ્રદાયની મૂર્તિઓ સરખી જણાય છે. પરંતુ તે દરેક ધર્મની નિષ્ઠા પ્રમાણે સરખાવીએ તો સાચી સમજણ આવે કે ગંગાજીનું પાણી પવિત્ર છે. દરેક ધર્મમાં જણાવેલ છે એટલે કે ધર્મ પ્રત્યેની ભાવના પ્રબળ હોવી જોઈએ.

આ પંચવર્તમાનનો સવિસ્તાર ઉલ્લેખ સત્સંગિજીવનના ૪ થા પ્રકરણમાં ધર્મમૃતના ૬ઠ્ઠા અધ્યાયમાં સ્પષ્ટ કરેલ છે. ભક્તચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ પણ પ્રકરણ ૧૦૬ થી પ્રકરણ ૧૧૦ માં સ્પષ્ટપણે વર્ણવેલુ છે. આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે ત્યાં સુધી જેવો તેવો હોય તેને પણ પંચ વિષયે કરીને પરાભવ થાય નહિ. શ્રીજી મહારાજ અને તેમના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નતા મળે. જે પંચ વર્તમાન રાખે તેને શ્રીજી મહારાજ કોઈ રીતે ખોટ આવવા દે નહિ.

વર્તમાન ગ્રહણ કરવા એટલે શ્રીજી મહારાજના આશ્રિત થવું અને શ્રીજી મહારાજ વિના બીજા કોઈને કર્તા હર્તા સમજે નહી જેથી શ્રીજી મહારાજ તે આત્મા ના કર્મ પોતે અંગીકાર કરે છે તેવા ભક્તનું આલોક તેમજ પરલોકમાં કલ્યાણ કરે છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામી પોતાના આશ્રિતોના કર્મની રેખ ઉપર મેખ મારીને અન્યથા કરે છે. રામાનંદ સ્વામી પાસે વરદાન માંગવા નિમિત્તે તે કર્મ સ્વયં ગ્રહણ કરે છે. વરદાન માંગતા કહે છે અમારા સત્સંગી હોય તેને એક વીંછીની વેદના થાય તો તે મને (શ્રીજી મહારાજને) એક એક રૂવાંડે કોટ કોટી વીંછીની વેદના થાઓ પણ અમારા સત્સંગીને ના થાવો, અમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તો રામપતર મને આવો પણ મારા સત્સંગી અન્ન, વસ્ત્રે દુઃખી ના થાય આવા બે વરદાન શ્રીજી મહારાજે રામાનંદ સ્વામી પાસે માગી લીધા છે. આવા કૃપાળું પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના આશ્રિતોનું પ્રારબ્ધ ફેરવી નાખી અન્ન વસ્ત્રોનું દુઃખ પણ ટાળી નાંખ્યું છે. અને કહ્યું છે કે હું તમારું રક્ષણ કરીશ. આ જગતના ક્રમ પ્રમાણે સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ જીવ પ્રાણી માત્રને પ્રાપ્ત થાય છે. પરંતુ પંચવર્તમાનની દૃઢ ટેક રાખી મારો દૃઢ આશ્રય રાખશો તો તમારે કાંઈ સાધન કરવાનું બાકી રહેશે નહી.

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિ ચિંતામણી પ્રકરણ ૭૬ માં લખ્યું છે.

''સુખ-દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજો સ્થિર મતી,
જાળવીશ મારા જનને વળી, જતન કરીશ અતિ,
એમ કરતા જો પંડ પડશે, આગળ સુખ છે અતિ,
પણ વર્ત એક જો ટાળશો, તો ભોગવશો સહુ સહુ તણું,
નહી તો તમો નિશ્ચિત રહેજો, કરવું તમારે કાંઈ નથી,
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી.''

# આ વાર્તા (તમારા) કલ્યાણની છે

- અતુલ બી. પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

એક તો ધર્મમાં રહેવું, બીજું ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી, ત્રીજું ભગવાનનાં અવતાર ચરિત્રનું શ્રવણ કીર્તન કરવું અને ચોથું ભગવાનનું નામ સ્મરણ કરવું આ ચાર વાનાં જ જીવના અતિશય કલ્યાણને અર્થે છે.

હવે ધર્મમાં તે ક્યારે રહેવાય. તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે તો તે ધર્મમાં રહ્યા કહેવાય. સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો એણે ધર્મમાં રહેવાય. બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતાના નિયમ કહ્યાં છે તેમાં રહે, ને યુવાન અવસ્થાવાળી જે પોતાની મા, બહેન ને દીકરી તે સાથે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ તો એણે ધર્મમાં રહેવાય.

ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહેજ નહિ, અને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહિ એટલે પોતપોતાના ધર્મમાં રહેવું તે કલ્યાણના જતનની પ્રથમ શરત છે. આપણને જે શ્રીહરિનું સર્વોપરિ સ્વરૂપ પ્રાપ્ત થયું છે - તેનું ધ્યાન અને તેની જ ઉપાસના નિરંતર કરવી - એ બીજું સોપાન છે. અને તેની સાથે સાથે ભગવાનનાં ચરિત્ર ગાવવાં, સાંભળવા ને ભગવાનનું નામ સ્મરણ નિરંતર કરતા રહેવું એ અનુક્રમે ત્રીજું અને ચોથું પગથિયું છે.

શ્રીહરિએ આત્મજ્ઞાનની વાર્તા વારંવાર કરી છે પરંતુ એ થકી કલ્યાણ થાય એમ ક્યારેય માનવું નહિ. ''અને અમે જે આત્મજ્ઞાનની વાર્તા કરીએ છીએ તેમાં તો એટલું જ પ્રયોજન છે જે, જો પોતાના આત્માને દેહથી જુદો માને તો દેહને વિષે પ્રીતિ ન રહે, તથા દેહના સંબંધીને વિષે હેત ન રહે, તથા ભગવાનની ભક્તિને વિષે કોઈ વિઘ્ન ન થાય, એટલું જ પ્રયોજન છે, પણ કેવળ એણે (આત્મજ્ઞાને) કરીને જ કલ્યાણ થાય એમ તો માનવું નહિ.'' (શ્રી ગ.મ. ૩૫)

આત્મદર્શને કરી કલ્યાણ કરવું તે તો જેમ તુંબડાં બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે. અને ભગવાનનાં ચરિત્ર ગાવવાં, સાંભળવા ને ભગવાનનું નામસ્મરણ કરવું ને પોતપોતાનાં ધર્મમાં રહેવું - એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી - એ તો જેમ વહાણમાં બેસીને સમુદ્ર તરવો એવો સુગમ માર્ગ છે. અને વળી ભગવાનની મૂર્તિની ઉપાસના ને ભગવાનનાં ચરિત્ર ને ભગવાનનું નામસ્મરણ એ ત્રણ વાનાં વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થવું તો તે પણ તુંબડાં બાંધીને સમુદ્ર તરવા જેવું કઠણ છે. જેને ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામ સ્મરણ કરતો હોય ને તેમાં જો ધર્મ ન હોય તો તેને તો માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઈચ્છે છે તેવો જાણવો ને તેને ચાંડાળ જેવો જાણવો !

માટે એ ચારેય વાનાંને અરસ પરસનું અનુસંધાન છે.

''અને આ તમે સર્વ છો તે મને ભગવાન જાણો છો તે અમે જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગા થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક જે અમારાં લીલા-ચરિત્ર તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું અને જેને એનું અંતકાળે ચિંતવન જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. માટે એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામ સ્મરણ તે કલ્યાણકારી છે.... અને તમારે સર્વેને મારે વિષે વિશ્વાસ છે ને હું તમને જેવી તેવી અવળી વાતે ચઢાવી દઉં તો જેમ સર્વેને કૂવામાં નાખી ને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ, તેમ તમે પણ મારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચઢી જાઓ તે તેમાં મારું શું સારું થાય ? માટે ''આ વાર્તા તમારા કલ્યાણની છે'' તે મેં તમને હેતે કરીને કહી છે તે સારું તમે સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો.'' (શ્રી ગ.મ. ૩૫)

કલ્યાણની આવી સુગમ વાર્તા શ્રીહરિએ સમજાવી છે ત્યારે આડું અવળું વિચાર્યા વિના કેવળ ચાર વાનાંને દૃઢપણે વળગી રહેવું. બુદ્ધિથી બીજા તર્કવિતર્ક વિચારવા નહિ !

શ્રીહરિનાં લીલા ચરિત્રોને સાદૃશ સંભારવાનો સુગમ માર્ગ હવે અત્યંત સુલભ બન્યો છે. પવિત્રતાનો ખોળો એવા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આવીને પ્રત્યેક ખંડમાં સંગૃહિત શ્રીહરિના દિવ્ય સ્પર્શવાળી અદ્‌ભુત ચીજ વસ્તુઓને નિરખીને અને મનોમન જે તે લીલા ચરિત્રનું સ્મરણ કરીએ. હૃદયમાં અનુપમ શાતા ઉદ્‌ભવે છે. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ એ મ્યુઝિયમ માત્ર નથી. આપણા સર્વેના કલ્યાણનું સંગ્રહસ્થાન છે. સર્વે દોષ દૃષ્ટિ દૂર કરીને અત્યંત બાળ સહજ નિર્દોષ ભાવે શ્રીહરિ સંગ્રહાલયની મુલાકાત લઈને કલ્યાણનું માર્ગદર્શન મેળવીએ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....




શ્રીજી મહારાજના વખતમાં કેવા કેવા હરિભક્તો હશે. મહારાજને રાજી કરવા માટે તે સર્વે કેવી ભેટો મહારાજને ધરાવતા હશે. તેનો સાક્ષાત્કાર કરાવતી આ માળા દોરામાંથી ગુંથેલ છે. સૂતરના એક દોરાની ઝીણી ગૂંથણી કરીને એક મણકો બનાવેલ છે. અને આવા ૧૦૮ મણકા ની આ માળા કોઈ હરિભક્તે શ્રીજી મહારાજને અર્પણ કરી હશે ત્યારે એને પૃથ્વી પર જ અક્ષરધામનો અનુભવ થયો હશે.

કારણ કે આપણે '' શ્રી સ્વામિનારાયણ'' ષડક્ષરી મંત્રનો જાપ કરવા માટે માળાને સાધન બનાવીએ છીએ તો એ હરિભક્તે તો માળા બનાવતી વખતે અંતરમાં અખંડ એ ષડક્ષરીના મંત્ર જાપ કર્યા જ હશે અને સાથે સાથે શ્રીજી મહારાજને રાજી કરવાનું અનુસંધાન પણ રાખ્યું હશે. તેથી તે હરિભક્તને પરમ સુખનો અનુભવ થયો હશે.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પાસે વંશ પરંપરાગત રીતે સચવાયેલ આ બેનમૂન માળા શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં.૧માં રાખવામાં આવેલ છે. આપ દર્શન કરવા જાઓ ત્યારે અચૂક આ માળાને નિહાળશો તેની સાથે એન્લાર્જ કરીને માળાની તસવીર પણ મૂકાઈ છે. જેનાથી તેની ઝીણવટ ભરી ગૂંથણીના પણ સર્વેને દર્શન થાય અને આવી ધીરજ પૂર્વક સેવા કરવાની પ્રેરણા મળે.

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર-૨૦૧૨

| | |
|---|---|
| રૂા. ૨,૦૦,૦૦૦/- | એક સત્સંગી બેન |
| રૂા. ૧૫,૦૦૦/- | મહેશભાઈ એસ.પટેલ-લાલોડાવાળા-વાપી |
| રૂા. ૧૩,૦૦૦/- | સુધીરભાઈ પી. પટેલ-બાપુનગર<br>હ. દાસભાઈ |
| રૂા. ૧૧,૧૦૧/- | સવિતાબેન મનુભાઈ પટેલ - અમદાવાદ<br>સંકલ્પ પુરો થયો તે નિમિત્તે |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| રૂા. ૧૦,૦૦૦/- | પૂનમભાઈ મગનભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. ૧૦,૦૦૦/- | સુશીલાબેન જાની - અમદાવાદ<br>શ્રી નરનારાયણદેવ સમક્ષ સંકલ્પ કરતાં કમરનો દુખાવો ઓપરેશન કર્યા વગર મટી ગયો તે નિમિત્તે |
| રૂા. ૮,૭૫૦/- | રમેશભાઈ કેરાઈ - ગોડપર (કચ્છ) |
| રૂા. ૬૦૦૦/- | એન.એચ.પ્રધાનાની - મુંબઈ |
| રૂા. ૫૧૦૦/- | કાંતિલાલ જાદવભાઈ સોની - અમદાવાદ<br>હ. સુરેશભાઈ |
| રૂા. ૫૦૦૧/- | પટેલ અવિચલ કૃષ્ણકાંત-મણીનગર પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે નામ કરણ કરાવ્યુ તે નિમિત્તે. હ.સ્નેહલબેન |
| રૂા. ૫૦૦૧/- | અવસર ફેશન - અમદાવાદ |
| રૂા. ૫૦૦૧/- | જેરામભાઈ સી. કાનાણી - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | અ.નિ.મણિબેન મંગળદાસ પટેલ - નરોડા<br>હ. રસિકભાઈ મંગળદાસ પટેલ |
| રૂા. ૫૦૦૦/- | સુશીલાબેન વિષ્ણુપ્રસાદ ઠાકર - ઓઢવ |
| રૂા. ૫૦૦૦/- | ગંગાબેન બેચરભાઈ પટેલ-<br>(વાવોલ) સાબરમતી |
| રૂા. ૫૦૦૦/- | પટેલ હરિભાઈ માધવલાલ<br>(ખેરોલ) - વેજલપુર |
| રૂા. ૫૦૦૦/- | ચેતનાબેન જયંતિભાઈ મિસ્ત્રી - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | સોની રસિકભાઈ દયાળજીભાઈ-અમદાવાદ<br>ચિ. હર્ષલની સગાઈ નિમિત્તે |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - સપ્ટેમ્બર-૨૦૧૨

| | |
|---|---|
| તા. ૨-૦૯. | શ્રી ઘનશ્યામ મહિલા મંડળ<br>શ્રી સ્વામિનારાયણ મંદિર - ધમાસણા |
| તા. ૫-૦૯. | કુ. માહી શ્રીજી પ્રસન્નાર્થે - રાણીપ |
| તા. ૭-૦૯. | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - લાલોડા<br>હ. વિશ્વપ્રકાશસ્વામી |
| તા. ૮-૦૯. | ભીમજી કરશન જીણા - લંડન |
| તા. ૯-૦૯. | પૂજાબેન જીતેન્દ્રકુમાર પટેલ |
| તા. ૧૧-૦૯. | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - મેમનગર<br>હ. રક્ષાબેન |
| તા. ૧૫-૦૯. | રમેશભાઈ અંબાલાલ પટેલ - વિરાટનગર<br>હ.ચંદ્રેશભાઈ - લક્ષ્મી દુગ્ધાલય |
| તા. ૧૫-૦૯. | શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તથા યુવતી મંડળ પંચમ વર્ષ નિમિત્તે - પર્થ (ઓસ્ટ્રેલિયા) |
| તા. ૧૬-૦૯. | સુનીલભાઈ ઠક્કર - ઘનશ્યામકાર્ડ |
| તા. ૧૬-૦૯. | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - સાબરમતી |
| તા. ૧૯-૦૯. | પીનલકુમાર દશરથભાઈ પટેલ - રાણીપ |
| તા. ૨૩-૦૯. | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - હિમંતનગર |
| તા. ૨૩-૦૯. | સુધાકરભાઈ ત્રિવેદી - અમેરિકા |
| તા. ૩૦-૦૯. | અમદાવાદ સ્થિત બળોલ (ભાલ) સત્સંગ સમાજ<br>હ. આર.બી.ચાવડા, ભરત ચાવડા, દિગ્વિજય જાદવ |

## શ્રી નરનારાયણદેવની મૂર્તિનો અભિષેક

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં.૮માં રાખેલી શ્રી નરનારાયણ દેવની મૂર્તિનો અભિષેક હરિભક્તો પોતે કરી શકે છે. આ લાભ મંદિર કે બીજે કયાંય પ્રાપ્ત થતો નથી. માત્ર ૫૧૦૦૦/- રૂા.માં આ લાભ સત્સંગી લઈ શકે છે. પાંચ હરિભક્ત ભેગા મળીને પણ આ લાભ લઈ શકે છે અથવા કોઈ સત્સંગ મંડળ પણ આ લાભ લઈ તેમના મંડળના સભ્યોને અભિષેકનો લાભ અપાવી શકે છે. આથી દિન પ્રતિદિન અભિષેક વધવા લાગ્યા છે. અને કયારેક તો એક દિવસમાં બે કે ત્રણ અભિષેક પણ નોંધાયા છે. વધુ માહિતી માટે આપ મ્યુઝિયમમાં રૂબરૂ કે ફોનથી સંપર્ક કરી માહિતી મેળવી શકશો.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ચિંતન ચરણારવિંદનું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આખી દુનિયા સુખની પાછળ દોડે છે. પણ કોઈને સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. કારણ કે સુખનું સરનામું કોઈને હાથમાં આવતું નથી. માટે સહુ દુઃખી થાય છે. એટલે જ કહ્યું છે કે -

''રાજા ભી દુઃખિયા,
રંક ભી દુખિયા ધનપતિ દુઃખિ વિકાર મે
બિના વિવેક ભેખ સબ દુઃખિયા,
સંત સુખી સંસારમેં.''

આમ આ દુનિયામાં સહુ દુઃખી છે પણ એમાં જેને સુખનું સાચું સરનામું મળ્યું તે સુખી થયા. તો ચાલોને આપણે તેમને જ પૂછીએ કે અમને સુખનું સાચું સરનામું બતાવો. સુખી થયેલાએ બતાવેલું સરનામું આ પ્રમાણે છે.

સુરપુર, નરપુર, નાગપુર એ તીનમે સુખ નાહીં,
સુખ હૈ હરિકે ચરણ મેં કાં સંતન કે માંહી.

તો સાચું સરનામું મળ્યું ને ! ક્યું ? ''સુખ હૈ હરિ કે ચરણ મેં'' ભગવાનના ચરણોમાં સર્વ સુખ રહ્યાં છે. તો ભગવાનના એવા ચરણોનો આશ્રય તમે કર્યો છે ? ભગવાનના ચરણોના સોળ ચિન્હોનું ચિંતન કર્યું છે ? તો ચાલો ભગવાનના એ સોળ ચિન્હોનું ચિંતન કરીએ. એમાં કેવો પ્રભાવ છે, પ્રતાપ છે એ વાંચીએ અને ભગવાનના ચરણારવિંદનો આશ્રય કરી સુખી થઈએ.

**જવ** : જમણા ચરણના અંગૂઠાના મૂળમાં 'જવ' આકારનું ચિન્હ છે. તેનું ધ્યાન કરનારને અન્ન મલે છે. આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય છે.

**વજ** : જમણા ચરણનાં અંગૂઠાના 'જવ'ના ચિન્હની નીચે વજ આકારનું ચિન્હ છે. તેનું ધ્યાન કરનારના અંતઃશત્રુઓ નાશ પામે છે. વજ જેટલી તાકાત આવે છે તેથી ધ્યાન કરનારના પાપરૂપી પર્વત છેદાઈ જાય છે અને સ્થિતપ્રજ્ઞ દશાને પામે છે.

**ઉર્ધ્વરેખા** : જમણા ચરણના અંગૂઠા અને આંગળી વચ્ચેથી નિસરે છે. આ રેખા વચ્ચેથી આંટી ખાઈને પાનીની બન્ને કોરે નિસરે છે. આ રેખાનું ધ્યાન કરનાર ઉર્ધગતિને પામે છે.

**જાંબુ** : જમણા ચરણના વજની નીચેના ભાગે જાંબુફળના આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનારનું મન માયિક પદાર્થોમાં ક્યાંય બંધાતુ નથી અને મન ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈને રહે છે.

**કેતુ (ધજા)** : જમણા ચરણના તળામાં વજ, જાંબુફળ અને ઉર્ધ્વરેખાની જમણી બાજુએ કેતુ (ધજા)નું ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર કામરૂપી શત્રુથી અને માયિક સુખના વાસના ઉપર વિજય પતાકા લહેરાવે છે.

**પદ્મ (કમળ)** : 'ધજા' ના ચિન્હની જમણી તરફ પદ્મ આકારનું આ ચિન્હ રહેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત સંસારૂપી સમુદ્રમાં નિર્લેપ રહે છે. જેવી રીતે કમળનું ફૂલ જળની વચ્ચે રહેવા છતાં જળથી અલિપ્ત રહે છે. તેને પાણીનો પાસ લાગતો નથી તે ભક્ત સંસારમાં રહેવા છતાં ત્રિદોષથી અલિપ્ત રહે છે.

**અંકુશ** : પદ્મ આકારના ચિન્હની નીચે અંકુશ આકારનું આ ચિન્હ શોભે છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત મનરૂપી મદોન્મત હાથીને જીતી શકે છે.

**અષ્ટકોણ** : મહારાજના જમણા ચરણની પાનીના અંદરના ભાગે આ ચિન્હ આવેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત અષ્ટયાંગયોગને સહેજે સહેજે સિદ્ધ પામે છે. અષ્ટ આવરણ ભેદીને ભગવાનના ધામને પામે છે.

**સ્વસ્તિક** : મહારાજના જમણા ચરણની પાનીની બહારની બાજુ સ્વસ્તિક આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્તના સર્વે પાપ નાશ પામે છે. અને ભક્ત આત્યંતિક મોક્ષને પામે છે.

આમ જમણા ચરણના તળાના નવ ચિન્હનું ધ્યાન, ચિંતન કરનારને શું ફળ મળે છે તે આપણે જોયું. હવે ડાબા ચરણના ચિન્હોની વાત કરીએ.

**કળશ** : મહારાજના ડાબા ચરણના તળામાં અંગૂઠાની નીચે કળશ આકારનું આ ચિન્હ છે. આ કળશનું ધ્યાન કરનાર ભક્ત - મંદિરનું સર્વોચ્ચ સ્થાન શિખર ગણાય છે. અને શિખર ઉપર કળશ ચડે છે. તેમ ભક્ત પણ અક્ષરધામ રૂપી શિખરને પ્રાપ્ત કરે છે. કળશમાં રહેલા અમૃતની જેમ ભક્ત પણ ભક્તિરૂપ અમૃતનું પાન કરી અજરત્વ/અમરત્વને પામે છે.

**અર્ધચન્દ્ર** : ડાબા ચરણમાં ઉર્ધ્વરેખાની ડાબી બાજુએ આંગળીઓના પર્વમાં આ ચિન્હ ચળકે છે. આ ચિન્હનું ધ્યાન કરનાર - જેમ ગગનમાં રહેલા બીજનો ચન્દ્ર વૃદ્ધિ પામી પૂનમે પૂર્ણત્વને પામે છે તે ભક્ત પોતે ભક્તિમાર્ગમાં વૃદ્ધિ પામી પૂર્ણત્વને પામી અક્ષરધામને પામે છે.

**વ્યોમ (આકાશ)** : મહારાજના ડાબા ચરણના તળામાં અર્ધચન્દ્રની ડાબી બાજુએ આ ચિન્હ શોભી રહ્યું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત શ્રીહરિની પ્રસન્નતા મેળવી નિષ્કામાદિક ગુણ પામી આકાશની પેઠે નિર્લેપ થાય છે અને શ્રીહરિના ધામને પામે છે.

**ધનુષ્ય** : ડાબા ચરણમાં ઉર્ધ્વરેખાની ડાબી બાજુએ ધનુષ્યાકારનું આ ચિન્હ આવેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત કામાદિક શત્રુઓ ઉપર વિજય મેળવે છે.

**ગોપદ** : મહારાજના ડાબા ચરણના તળામાં ધનુષ્યાકારની ડાબી બાજુએ ગોપદ (ગાયના પગની ખરીની) આકારનું આ ચિન્હ છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત કોઈપણ પરિશ્રમ કર્યા વિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે.

**ત્રિકોણ** : ડાબા ચરણની પાનીના અંદરની ભાગે આ ચિન્હ રહેલું છે. આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્ત સંસારના ત્રિવિધ તાપને ટાળી - ત્રિવિધ દેહનો ત્યાગ કરી બ્રહ્મમય દેહને પામી - ત્રિગુણાત્મક માયાને તરી શ્રીહરિના ચરણને પામે છે.

**મત્સ્ય (મીન-માછલી)** : શ્રીહરિના ડાબા ચરણની પાનીની બહારની બાજુએ આ ચિન્હ શોભે છે. મીન જેમ નદીના સામા પ્રવાહમાં ચાલે છે તેમ આ ચિન્હનું ધ્યાન કરનાર ભક્તને કપરા સંજોગોમાં નિડરતાથી જીવવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

જોયું ને બાળમિત્રો ! મહારાજના આ ચિન્હોનું ધ્યાન કરનારને કેવી કેવી શક્તિ પ્રાપ્ત થાય છે. જાણ્યું ને ! આપણને આ ચિન્હો યાદ રહી જાય એટલે તો પ્રેમાનંદ સ્વામીએ ચેષ્ટાના પદોમાં રચના કરી છે. આપણે દરેક ભક્તોએ પદ મુખપાઠ કરી ચરણનું ધ્યાન કરવું.

નિષ્કુળાનંદ સ્વામીએ પણ ચિન્હ ચિંતામણીમાં ભગવાનના ચરણના સોળ ચિન્હોનો અદ્‌ભુત મહિમા વર્ણવ્યો છે. ભક્ત એ પ્રમાણે ચિન્હોનું સ્મરણ કરી સુખી બને છે.

●

## ભક્ત રક્ષા

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

ભગવાન કોની રક્ષા કરે ? જેને ભગવાન પ્રત્યે આસ્તિક ભાવ હોય, જીવ બે પ્રકારના હોય (૧) આસ્તિક અને (૨) નાસ્તિક.

આસ્તિક એટલે શ્રધ્ધાવાળા, મુમુક્ષુ, દૈવીજીવ આ બધા શબ્દોને ''આસ્તિક'' રૂપ અપાય છે.

એવા મુમુક્ષુજીવો માટે ભગવાને પોતાનું નામ ''આસ્તિક'' પસંદ કર્યું. જનમંગલ નામાવલિમાં '૨૨ મું' નામ પ્રભુનું ''આસ્તિક'' છે.

જેને ભગવાન પ્રત્યે એવી શ્રધ્ધા હોય કે પરમેશ્વર સદા મારી રક્ષા કરે છે. મારા ઈષ્ટદેવ કાયમ મારી રક્ષા કરે છે. એનું નામ આસ્તિક ભાવ. આસ્તિકનો અર્થ એ થાય કે ભગવાન સર્વત્ર છે. અને સદા મારી રક્ષા કરે છે. આવી શ્રધ્ધા હોય એને આસ્તિક કહેવાય.

પોતાના આશ્રિતજનોની ભગવાન શું રક્ષા નથી કરતા? કરે જ છે, પણ અજ્ઞાની જીવને એ સમજાતું નથી. ''ભગવાનને આશરે રહેનારનું ભગવાન શૂળીનું દુઃખ હોય તે કાંટેથી ટાળે છે.'' શ્રીહરિનું આસ્તિક નામ ભક્તોના ઉપદેશ માટે છે. કે હે ભક્તો ! તમે આવી દૃઢ શ્રદ્ધા રાખજો અમે અખંડ તમારી રક્ષા કરીએ છીએ.

આપણા એક સંત હતા. તેમનું નામ અખંડાનંદ સ્વામી. સદાએ ભક્તિના આનંદમાં, ભજનના આનંદમાં અલમસ્ત રહેતા. માટે તેમનું અખંડાનંદ નામ સ્વામિનારાયણ ભગવાને રાખ્યું. નિડર થઈને વિચરતા, હેતથી કથા ઉપદેશ દેતા. સત્સંગ કરાવી જાણે, વાદળાં વરસાદ વરસાવીને ચાલ્યા જાય. તેમ અપેક્ષાથી રહિત અખંડાનંદ સ્વામી ચાલ્યા જતા.

અતિ વિચરણથી અનુભવ પણ ઝાઝા થાય. અજાણ્યા રસ્તા અજાણ્યા માણસો તથા અજાણ્યા ઘોર જંગલો બધી જ પરિસ્થિતિઓ સામે આવે.

એક સમયે ઘોર જંગલમાંથી પસાર થતા હતા. મહારાજના દર્શને જવું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં સત્સંગ કરાવીને પાછા વળ્યા હતા. ત્યાં તો જંગલમાં ચારવાઘ સામા મળ્યા અને ઘૂરકીયા કરવા માંડ્યા. અખડાનંદ સ્વામી ગભરાયા નહીં. નિર્ભયતાથી વાઘની સામે ઉભા રહ્યા. મનમાં વિચાર કર્યો સારું થયું ચાલો. દેહ તો ગમે ત્યારે પડે અને બધા ભેળા થઈ અગ્નિમાં સળગાવી દે. એના કરતા આ શરીરથી બિચારા ચાર પ્રાણીનાં પેટ તો ભરાશે. આ ચાર જીવડા રાજી થશે અને આપણે

સ્વામિનારાયણ ભગવાનના ધામમાં જઈશું. પરંતુ આસ્તિક નામવાળા ભગવાન સર્વત્ર નિવાસ કરીને રહ્યા છે. પરમકૃપાળુ પરમાત્માએ એ વખતે વિચાર્યું. મારા સાધુને આ ચાર વાઘ હમણાં જ પૂરા કરશે તો મને દયાળું કોણ કહેશે ? ઠાકોરજી કોઈ હથિયાર લઈને ન દોડ્યાં. સંતના હૃદયમાં ભગવાન છે. તો શું વાઘમાં નથી ? વાઘમાં પણ પ્રભુનો વાસ છે. ભગવાને વાઘની મનોવૃતિ બદલી નાંખી. વાઘ તરાપ મારવાને બદલે બાજુમાં આવી અખંડાનંદ સ્વામીના પગમાં આળોટવા માંડ્યા. પગ ચાટવા માંડ્યા અને ઉભા થઈ સ્વામીને પ્રદક્ષિણા કરવા લાગ્યા. સ્વામીએ વિચાર કર્યો, મારા વાલા બદલાઈ ગયા આ તો ! પણ એને બદલાવનારા કોણ ? સ્વામિનારાયણ ભગવાન.

જ્યારે અખંડાનંદ સ્વામી ગઢપુરમાં આવ્યા. શ્રીજી મહારાજ સન્મુખ દંડવત કરી પછી વાત કરી. ત્યારે પ્રભુએ કહ્યું, એ વાઘમાં અમે પ્રવેશ કરી તમારી રક્ષા કરી હતી. તમને વંદન કરવા અમને ક્યાંથી મળે, માટે વાઘ દ્વારા તમારા ચરણનો સ્પર્શ કર્યો, તમારી પ્રદક્ષિણા કરી. કારણ કે તમ જેવા સંતથી અનેક હૃદય શ્રદ્ધા અને ભક્તિથી સમૃદ્ધ થાય છે. માટે તમારી તો અમારે રક્ષા કરવી જોઈએને !

સજ્જનો ! ભગવાન ભક્ત રક્ષા માટે અખંડ હાજરા હજૂર છે. જ્યારે જ્યારે ભક્તને કષ્ટ આવે ત્યારે ત્યારે ભગવાન પોતાના ભક્તોની રક્ષા કરવા દોડી આવે છે. દયાનંદ સ્વામી કીર્તનમાં વર્ણવે છે કે,

જહાં જહાં ભીડ પડત ભક્તનકું તહાં તહાં હોત સહાઈ રે,
દયાનંદ કો નાથ દયાળુ, ભજો ભાવ ઉર લાઈ રે,

માટે ગમે તેવા કષ્ટમાં ભગવાનનો ભરોંસો તજાય નહી. તેવી દૃઢ શ્રદ્ધા રાખવી. કેમ કે ભગવાને પોતાનું નામ ''આસ્તિક'' રાખ્યું છે.

# લુણાવાડામાં યુવા સત્સંગ શિબિર

- ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર-હીરાવાડી)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા પંચમહાલ જીલ્લાના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના આયોજનથી તા. ૨૩-૯-૧૨ ને રવિવારના દિવસે યુવક મંડળની સત્સંગ શિબિરનું આયોજન સંપન્ન થયું હતું.

સવારના ૯-૦૦ કલાકે પ.પૂ. મહારાજશ્રીએ સંત મંડળ સાથે પધારીને લુણાવાડાની સરદાર પટેલ હાઈસ્કુલ (પર પાટીદાર સમાજ)ના વિશાળ હોલમાં દીપ પ્રગટાવીને શિબિરનો શુભારંભ કરાવ્યો હતો. શ્રીહરિના નામની ધૂન્યના મંગલ ધ્વનિ બાદ પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં નારણપુરા મંદિરના મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી, શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ), નારણઘાટ મંદિરના મહંત સ.ગુ. શા.પી.પી. સ્વામી, સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી (અસારવા ગુરુકુળ) તેમજ પૂ. હરિસ્વરૂપદાસજી સ્વામી (સંતરામપુર) આદિક સંતોએ ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા-ઉપાસના, શ્રી નરનારાયણદેવનો મહિમા, ધર્માદો, શ્રી નરનારાયણદેવ ગાદીનો શુધ્ધ વહીવટ, મંદિરોની માહિતી, સત્સંગ વિવેક વગેરે બાબતો પર સુંદર પ્રવચનો આપી સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોને ઉજાગર કર્યા હતા.

પ.પૂ. મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં મોક્ષ રૂપી લક્ષ સુધી પહોંચવા માટે સાચી દિશાનું કેટલું મહત્વ છે તે દ્રષ્ટાંત વાર્તા સાથે સમજાવ્યું હતું. તેમજ લુણાવાડા, બાલાસિનોર, કોઠંબા, સંતરામપુર વગેરે મોટા કેન્દ્રોથી યુવક મંડળના સભ્યો જીલ્લાના નાના નાના ગામડાઓમાં જઈને સત્સંગની પ્રવૃતિ કરે તેવો અનુરોધ કરીને તે કાર્ય પર પોતાનો રાજીપો દર્શાવ્યો હતો.

આજુ બાજુના ગામડાઓમાંથી ઘણી મોટા સંખ્યામાં યુવાનો પધાર્યા હતા. તેમજ અમદાવાદના બાપુનગર વિસ્તારમાંથી યુવક મંડળ એક લકઝરી બસ ભરીને શિબિરમાં ભાગ લઈને જરૂરી સાથ સહકાર આપ્યો હતો. તેમજ સભ્ય દીઠ રૂા. ૧૦૦/- સૌજન્ય આપીને દસ નવા શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો બનાવ્યા હતા. દરેક યુવાનોને પ.પૂ. મહારાજશ્રીએ ચરણ સ્પર્શનું સુખ આપ્યું હતું. લુણાવાડા મંદિરના મહંત સ.ગુ. વાસુદેવચરણદાસજી સ્વામીના માર્ગદર્શનથી ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"સમજુ માણસ બચવાનો ઉપાય કરે છે"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

એક દિવસ એક માણસ જંગલમાં ચાલતો જતો હતો. તો તેવામાં અચાનક તેની પાછળ સિંહ પડ્યો, તો સિંહથી બચવા માટે તે માણસ દોડે છે. દોડતા દોડતા આગળ જતા રસ્તામાં એક મોટી ખાઈ (ખાડો) આવે છે. તો આગળ જવાનું શક્ય નહોતું. જેથી તે માણસ બચવા માટે આજુબાજુ દૃષ્ટિ કરે છે. તો બાજુમાં એક વૃક્ષ હતું. તે માણસ તે વૃક્ષની શાખા પકડીને લટકાઈ જાય છે. તે શાખાની નીચે ખાઈ હતી. અને ઉપર દૃષ્ટિ કરી તો તે શાખાને સફેદ અને કાળો એમ બે ઉંદર હતા તે કાપી રહ્યા હતા. તો જવું ક્યાં ? બચવા માટે કરવું શું ? બચવાનો ઉપાય છે જ નહિ. તો શાખા ઉપર બાજુમાં મધપુડો પણ હતો, અને તેમાંથી મધનું એક ટીપુ ટપકવાની તૈયારી હતી. તો તે મધનું ટીપું જીભ ઉપર લઈ લીધુ તો ગળ્યું લાગ્યું, એટલી ક્ષણ માટે બધું ભૂલાઈ ગયું કે ગમે ત્યારે પડી જવાશે નીચે ખાડો છે. પાછળ સિંહ છે. અને ઉપર ઉંદર શાખાને કાપી રહ્યાં છે. તો આપણા બધાની પરિસ્થિતિ હંમેશ માટે આવી જ છે. આપણા બધાની ઉપર સિંહરૂપી મૃત્યુનો ભય હંમેશા આ રીતે રહેલો જ છે. સફેદ અને કાળો ઉંદર એ દિવસ અને રાત છે. મધનું ટીપું છે તે માયાના આવરણ રૂપ છે. એટલે કે સિંહરૂપી મૃત્યુથી માણસ ક્યારેય પણ બચી શકે તેમ નથી. મૃત્યુથી કોઈપણ ક્યારેય ભાગી શક્યું નથી. અને આપણી આ આયુષ્યરૂપી દોરીને દિવસ અને રાત સતત કાપી રહ્યાં છે. અને આ બધું જાણવા છતાં પણ માયારૂપી આવરણ એટલે કે માણસ મધનો સ્વાદ ચાખવામાં ખોવાઈ જાય છે.

'અજબ આ જગત છે, ઉંડા છે એના પાયા;
બધું જાણવા છતાં, મેલાતી નથી માયા.'

અણસમજુ લોકો હોય તે હંમેશા એવું વિચારે છે કે અત્યારે મધ ચાખી લો. અર્થાત્ અત્યારે આ સંસાર ભોગવવા માટે મળ્યો છે તો શા માટે ન ભોગવીએ ? મોજમજા કરી લો. મૃત્યુ આવશે ત્યારે જોયું જશે. પરંતુ જે સમજુ માણસ છે તે શું કરે છે ? તો સમજુ માણસ બચવાનો ઉપાય કરે છે. અને વિચારે છે કે મનુષ્ય જીવન માત્ર ભોગ ભોગવવા માટે નથી. તો બચવાનો ઉપાય શું છે ? તો બચવાનો ઉપાય માત્ર એક જ છે. ભીતરની તરફ જવાનું. ધ્યાનની અવસ્થામાં ઉતરી જવાનું. આપણે આપણી ભીતર તરફ જઈશું તો આપણી ઓળખાણ પરમાત્મા સાથે થશે. તેમાં પ્રથમ ઓળખાણ આપણા શરીર સાથે થાય છે. આપણે જ્યારે અંતરમનની યાત્રા કરીએ અને આત્મચિંતન કરીએ છીએ ત્યારે આપણને આપણા દોષો દેખાય છે. આ બધા દોષો દૂર કરી આપણી પાસે જેટલો સમય છે તેટલા સમયમાં પરમાત્મા તરફ આગળ વધવાનું છે. ધાર્મિક જીવન તરફ આગળ વધવા માટે પ્રાર્થના ભજન-કીર્તન માધ્યમ બને છે. આ પ્રથમ પગથિયું છે. ધીમે ધીમે આગળ વધાય છે. કથા-શ્રવણથી વધારે શાંતિ મળે છે. અને પરમાત્મા જલ્દી સાંભળે છે. કેમ કે સમૂહમાં બેસીને કરેલી પ્રાર્થનામાં બધાના કલ્યાણની ભાવના હોય છે. માટે જ સત્સંગ હંમેશા સમૂહમાં હોય છે. અને તેનાથી મહારાજ જલ્દી રાજી થાય છે. મહારાજને હું અને મારું નથી ગમતું. અમારૂં શબ્દ વધારે ગમે છે. તમને તરતા આવડતું હોય અને તમે જાતે તરી જાવ તેમા કાંઈ મોટી વાત નથી. પરંતુ તમારી તરવાની આવડત દ્વારા ડૂબતા માણસને સામે કિનારે લઈ આવે તો મોટી વાત કહેવાય. એનાથી બીજુ મોટું કોઈ કાર્ય નથી. અર્થાત્ આપણા માધ્યમથી બીજાનો મોક્ષ થાય તે મોટી વાત છે.

●

**કુસંગ**
- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

કુસંગ મુખ્યત્વે ત્રણ પ્રકારનો ગણવામાં આવ્યો છે. (૧) બહારનો કુસંગ (૨) અંતરમાં રહેલો કુસંગ (૩) સત્સંગમાં કુસંગ. આમ ત્રણ પ્રકારના કુસંગ છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૨૭ માં શ્લોકમાં આ કુસંગને ઓળખાવતા કહે છે કે ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કિમીયા આદિક ક્રિયાએ કરીને જનને

ઠગનારો એ '૭ પ્રકાર'ના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. આવો સંગ કે સહવાસ એ કુસંગ છે. એવાના સંગથી દુર્ગુણો જરૂર આવે છે. સંગ સોબત એ ખસ ધાધર જેવા છે. એનો ચેપ લાગ્યા વિના રહેતો નથી. ગઢડા પ્રથમના ૪૮ માં વચનામૃતમાં મહારાજે ચાર પ્રકારના કુસંગીથી રક્ષા કરવાનું કહ્યું છે. (૧) કુડાપંથી (૨) શક્તિપંથી (૩) શુષ્ક વેદાંતી (૪) નાસ્તિક. આ બધો બહારનો કુસંગ કહેવાય છે.

બીજો કુસંગ છે જે અંતરનો કુસંગ. ઈન્દ્રિયો અને અંતઃકરણનો આ કુસંગ જબરો છે. કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદ, ઈર્ષા, રાગ, દ્વેષ, છળકપટ વગેરે દુર્ગુણોથી જીવ સતત ઘેરાયેલો રહે છે. જેથી ધર્મ-નિયમની દઢતા રહેતી નથી. અંદરના કુસંગથી બચવા માટે મુમુક્ષુએ બહારના કુસંગથી સાવચેત રહી પ્રભુનું ભજન-સ્મરણ દેવદર્શન અને કથાવાર્તાનું શ્રવણ તથા સત્તપુરુષોના સમાગમમાં રહેવું જરૂરી છે. પાછી વૃત્તિ વાળીને આંતરખોજ કરવી. જેને અંતરનો કુસંગ કહેવાય છે.

ત્રીજો કુસંગ એ સત્સંગમાં કુસંગ છે. શ્રીજી મહારાજે પોતે ગઢડા પ્રથમના ૧૭ માં વચનામૃતમાં સ્પષ્ટ રીતે ઓળખાવ્યો છે. સત્સંગમાં કુસંગ તે શું ? વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે જ સત્સંગમાં કુસંગ છે. મંદિરના ચોકમાં ટોળેવળીને બીજાની કુથલી કરવી કે ગપ્પા મારવા એ પણ સત્સંગમાં કુસંગ છે. ભગવાન કે મોટા સંતની ઓથ લઈને ધર્મનો ત્યાગ કરે તેને સત્સંગમાં કુસંગ કહેવાય. વળી પક્ષા પક્ષી, વિતંડાવાદ, એકબીજાની ઈર્ષા કરવી, બરોબરીયાપણું, વડીલો સામે ઉદ્ધતાઈ કરવી વગેરે સત્સંગમાં રહેલા કુસંગ છે.

આ ત્રણ પ્રકારના કુસંગથી દૂર રહેવું. ખરાબની સોબત કરવા કરતા એકલું રહેવું સારું. ગમે તેવા હોય તોય કુસંગે કરીને તેનું ભુંડું જ થાય. કુસંગનો સંગ થાય તો રૂડા ગુણમાત્ર જતા રહે છે. આ સત્સંગમાં આકાશને આંબે એવા મોટા હતા પણ કુસંગે કરી ધૂળ ધાણી થઈ ગયા છે. દીનાનાથ ભટ્ટ સત્સંગમાં રહ્યા પણ સત્સંગ પૂરો અડ્યો નહિ. કારણ કે તેમને કુસંગના ને વિષયના ધક્કા લાગ્યા હતા. કુસંગનો જોગ થાય ત્યારે સત્સંગ ઘસાઈ જાય ને બુદ્ધિ મલિન થઈ જાય છે. પંચવિષયના તો પાતાળ ફાટ્યાં છે. તે માળા ફેરવવા દેતા નથી. શેરીઓમાં બજારમાં ને ઘરમાં કુસંગનો વરસાદ વરસે છે. આટલા વિષયનો સંબંધતો મહારાજ છતાંય નહોતો. મહારાજ પોતે તો મઠની ખીચડી જમતાને આજતો જલેબીના તાવડા ચડ્યા છે. માટે વિષયથી બીતા રહેવું. નવાણું સારી કેરીઓ એક સડેલી કેરીને સારી બનાવી શકતી નથી. જ્યારે એક સડેલી કેરી સારી ગણાતી નવાણું કેરીઓને બગાડી શકે છે. આ વાસ્તવિકતાને નજર સામે રાખીને કુસંગના જોખમથી સદાય દૂર રહેવું. ખરાબ સંગતથી પણ આપણે આપણી જાતને બચાવી લેવાની છે.

''નામ ચોખો રંગ ચોખો, ઉજ્જવળ એનું રૂપ,<br>
કંકુ સાથે મેળ કરીને કૈંકે નમાવ્યા ભૂપ,<br>
મગની સાથે મેળ કરીને, ચોખો થયો બદનામ.<br>
રંગ ખોયો રૂપ ખોયું, લોકે પાડ્યું ખીચડી નામ.''

આમ ચોખો રૂપ રંગથી ઉજ્જવળ છે. ને કંકુનો સંગ કર્યો તો કેટલાય રાજાઓ ચોખા દ્વારા પૂજાય છે. પણ એજ ચોખા એ મગની દાળ સાથે મેળ કર્યો તો નામ ખીચડી થઈ ગઈને ચોખો બદનામ થઈ ગયો. ને રંગ રૂપ સર્વે ખોવાઈ ગયું. તેમ સદ્‌ગુણીનો સંગ કરીએ તો આપણી જગતમાં કીર્તિ ગવાય. ને દુર્જન, કુસંગનો સંગ કરીએ તો આપણી અપકીર્તિ થાય છે. કુસંગ તો આંબા નીચેથી ઉઠીને બાવળ નીચે બેસવા જેવો છે, ત્યાં છાંયોતો મળે નહિ પણ નીચે કાંટા હોય તે વાગે અને ફળમાં પૈડીયા મળે. આમ કુસંગના ફળ કડવા છે. લાકડા ને સંગે લોઢું તરે તેમ સત્સંગને સંગે ગમે તેવા પાપી હોય તે પણ તરી જાય અને લોઢાને સંગે લાકડું ડૂબે તેમ કુસંગને સંગે જીવ જરૂર ડૂબે છે. ગમે તેવો મોટો હોય તો પણ કુસંગે કરીને તેનું ભુંડું જ થાય છે. ગમે તેવી સમજણ હોય છતાં કોઈ પ્રકારે કુસંગતો કરવો જ નહિ. કુસંગનો યોગ થાય તો બ્રહ્મરૂપ હોય તેને પણ દેહરૂપ કરી નાખે છે. અને કુસંગ કરવા માંડે તો તેનું કોઈ ઠેકાણું રહે નહિ. એ સિદ્ધાંત વાર્તા છે. કુસંગના સંગથી ભક્ત હૃદયની શુભ ભાવનાઓ નાશ પામે છે. ફિલ્મ, ટી.વી., ક્લબો, બ્યુટી પાર્લરો, જુગારના અડ્ડાઓ, વ્યસનો, પરસ્ત્રી સેવન, અનિતીનું ધન, પરદોષ દર્શન, સ્ત્રૈણ પુરુષોનો સંગ આ બધા જ કુસંગ, કલેશ ભર્યા કેન્દ્રો છે. માટે કુસંગથી દૂર રહેવાનો પ્રયત્ન કરવો. જેના સંગમાં રહેવાથી, કે બેસવાથી પોતાના દોષો ઓળખાતા હોય અને

અંતરથી ચોખ્ખું થવાતું હોય, પ્રભુમાં ભક્તિ ભાવ વધતો હોય તો માનવું કે આપણને સત્સંગનો યોગ છે. એથી ઉલટું જેની પાસે બેસવા કે ઉભા રહેવામાં ભગવાન ભૂલાતા હોય, અન્યના ગુણમાંય દોષ દેખાતા હોય, કેવળ પોતાના ગુણનું ગુમાન હોય, બીજાની પ્રત્યે ઈર્ષા ભાવ અને રાગ-દ્વેષ અંતરમાં ઉદ્‌ભવતા હોય ને દેહાભિમાન દઢ થતું હોય તો માનવું કે આપણે કુસંગની સોબતે ચડી ગયા છીએ. તો એને સત્વરે ત્યાગ કરીને સાચાના સંગી થવા તત્પર બનવું જોઈએ. દુર્જનની વાત, શોખીનનો સંગ અને આળસુનો ઉપદેશ જ્યારે ગમે, રૂચિકર લાગે ત્યારે માની જ લેવું કે પતન સામે આવીને ઉભું જ છે. જેથી કુસંગ વધુ થાય ને વૃતિઓ ફાટી જાયને સદ્‌ગુણો બહાર નીકળી જાય માટે કુસંગથી દૂર રહેવું ને હંમેશા સત્સંગ કરવો.

●

**અધ્યાત્મ પ્રાર્થના**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

(રાગ-સોરઠ)

સૂન માતા જશોદા ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી... સૂન
કરત રસોઈ અપને કરતે કાઢી ધરી એક ઠોરી,
કણ જાનું કણ કરકે માઈ, નજર ચોરાઈ મોરી... સૂન
લછન તેરે નવલ લાલ કે મેં નહી જાનત ભોરી,
લે કે સટક ગયો લરકન મેં, કરકર બાત ઠગોરી... સૂન
નિત નિત ઘરમેં પેઠ કે, માખન લેત જોરા જોરી,
બ્રહ્માનંદ કહે યાકી, લીલા, ઐંસી લાખ કરોરી... સૂન

સહજાનંદ સ્વામીના સખા સંત મહોદય નિષ્કામ શુધ્ધ બ્રહ્માનંદ સ્વામી એક સિદ્ધ હસ્ત કીર્તનકાર તરીકે આપણાં સંપ્રદાય રૂપી આકાશમાં એ રીતે શોભે છે જે રીતે પેલો ચમકતો ધ્રુવનો તારો ! આમેય તેઓ ધ્રુવ સરીખા અડગ અને અતૂટ હતા. અલગારો વૈભવ તેમના મનને ડોલાવી ન શક્યો. સુંદર બે મંગેતરો પણ તેઓના નિષ્કામીપણાને હલાવી ન શકી. ગાયકવાડ સરકારની પચીસ ગામ આપી રાજકવિ તરીકેની મન ભાવન જાહેરાત પણ બ્રહ્માનંદને બ્રહ્મરૂપી આનંદમાંથી સંપત્તિ અને સત્તાના રવાડે ન ચડાવી શકી. આવા અડગ મનનાં પડછંદ, પ્રતિભાશાળી આ ચારણ કવિની કોકિલ કંઠી કાવ્યકલા શબ્દ માધુર્યથી જ નહિ, પણ ભાવ માધુર્યથી પણ ભરપૂર છે. ઉપરોક્ત પદ તેનો સરસ નમૂનો છે.

જશોદા માતાને ગોપીઓ કાનાની ફરિયાદ કરે, જશોદાજી તેને પકડવા દોડે ને અખિલ બ્રહ્માંડનો આ શ્રીહરિ દિવ્ય જીવન લીલાના રંગોથી રંગોળીપૂરે ત્યારે ઘડી બે ઘડી ભાવ જગતમાં ભૂલા પડી જવાય છે. મીઠી માધુરી વાતો કરીને, ધ્યાન ચૂકાવીને ગોપીની અંગૂઠી કાનો કેવી રીતે ચોરી જાય છે તેનું વર્ણન કાવ્ય સ્વરૂપ અને રચના રીતિનો પરિચય કરાવતું આ પદ બ્રહ્માનંદ કીર્તન સાહિત્ય સાગરની ગાગર નહિ, માત્ર એક બિંદુ છે.

પદના અંતિમ ચરણમાં કવિરાજ કૃષ્ણજીવન લીલામાં રસતરબોળ થતા ધન્યતા અનુભવે છે. પ્રભુની આવી તો અનેક લીલા છે. જે ભારતિય સાંસ્કૃતિક પરંપરાગત ભક્તિ સાહિત્યનો અદ્‌ભુત અણમોલ ખજાનો છે.

''અહો પ્રભો ! અચરજ માયા તુમ્હારી,
જીસ મોહે સકલ નરનારી !
જીસ પર કીરપા હોય તુમ્હારી, સો જન ઉતરે પારી,
બ્રહ્માનંદ શરણ મેં આયો લિજીયે મોહે ઉગારી,
અહો પ્રભો ! અચરજ માયા તુમ્હારી !''

●

**લૂંટારાથી બચાવ્યા**

- પટેલ જાનકીબેન નિકીકુમાર (ગુલાબપુરાવાળા)

શ્રીહરિ એક વખત જેતલપુરમાં બિરાજમાન હતા. ગામો ગામથી ભક્તજનો દર્શન કરવા માટે આવતા. ગામ સંતરામપુરના વાલજી વિપ્ર સંઘ લઈ જેતલપુરમાં શ્રીજી મહારાજના દર્શન કરવા આવે છે. જ્યારે જેતલપુર ત્રણ ગાઉ દૂર રહ્યું ત્યારે તેમને ત્રીસ ફુટ લૂંટારા મારતે ઘોડે આવી ચડ્યા અને સંઘને ઘેરી લીધો. સંઘના માણસોમાં બાઈઓ અને ભાઈઓ હતા. હાહાકાર મચી ગયો. ભક્તજનો જોર જોરથી શ્રીહરિનું સ્મરણ કરવા લાગ્યા. નજીકમાં એક ગામ હતું. પરંતુ કોઈ મદદે આવ્યું નહિ. વાલજી વિપ્ર શ્રીહરિને આજીજી કરવા લાગ્યા હે પ્રભુ ! આજે અમારા પ્રાણ તમારા હાથમાં છે. હે જગતના ધણી ! અમારા સંઘની લાજ રાખજો. તમારા સિવાય અમારું કોઈ રક્ષણ કરી શકે તેમ નથી. કદાચ તમે નહી બચાવો તો અમે મરી જઈશું તો જગતના અધર્મી અને વિધર્મી લોકો એમ કહેશે કે સ્વામિનારાયણના દર્શન કરવા ગયા હતા તો પણ પ્રભુ રક્ષાર્થે ના આવ્યા ? તો હે જગતના તાત ....

!'' તારા નામ પર કાળી ટીંલી લાગશે. જ્યાં અંતર્યામીએ આ આર્તનાદ સાંભળ્યો અને માયા રચી. જ્યાં લૂંટારાઓ સંઘને ઘેરો ઘાલી મારો મારો તેવા શબ્દો કહેતા હતા ત્યાં સામેથી હજારો ઘોડેસ્વારો લૂંટારાઓને મારવા આવતા દેખાયા. આ જોઈ લૂંટારાઓએ વિચાર કર્યો કે આતો ભગવાન સ્વામિનારાયણના સૈનિકો આવે છે. આપણને જરૂર મારી નાખશે. લૂંટારાઓ જીવ લઈને નાઠા. પ્રભુએ રચેલી માયા અદશ્ય થઈ ગઈ ! ભક્તોની રક્ષા કરી ! ભક્તજનો લૂંટારાઓના ભયથી મુક્ત થઈ શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં જેતલપુર આવે છે. શ્રીહરિ અક્ષર મહોલમાં આસોપાલવ નીચે સભા કરીને બિરાજમાન હતા. ભક્તજનો ત્યાં આવ્યાં. પ્રભુના દર્શન કરી કૃતાર્થ થયા.

●

### કરજીસણમાં શ્રીહરિએ કરેલી અદ્‌ભુત લીલા

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)

અમદાવાદથી મહેસાણા જતી રેલ્વે લાઈનમાં ડાંગરવા સ્ટેશન આવે છે. તે ડાંગરવા ગામથી ડાંગરવા સ્ટેશનથી કરજીસણ ગામ બે ગાઉં છેટું છે. અહીં શ્રી નરનારાયણદેવ ગાદીનું સુંદર મંદિર છે. મંદિર દક્ષિણાદા બારનું છે. સહજાનંદ સ્વામીની પટમૂર્તિ પધરાવેલી છે. મંદિર આગળ ભવ્ય ચોક છે.

કરજીસણ ગામમાં શ્રીહરિ ૩૪ વખત પધારેલા તેથી આ ગામની ભૂમિ ઘણી પવિત્ર છે. ગામની ભૂમિના દર્શન કરવા માત્રથી જ મનુષ્યના અનેક જન્મના પાપ બળી જાય છે. ગામથી આથમણી કોરે વાઘરોડા ગામનું સરોવર છે. તે સરોવરમાં ઘણીવાર મહારાજે સંતો સાથે સ્નાન કર્યુ છે. તે સરોવર પવિત્ર છે. બાજુમાં વાડી છે. તે વાડીમાં શ્રીહરિએ ઘણી લીલા કરી છે. સરોવરની બાજુમાં કૂવો છે તે કૂવામાં શ્રીહરિ ઘણીવાર ન્હાયા છે. તે પ્રસાદીનો છે. તેની બાજુમાં વરખડાનું વૃક્ષ છે. તેની નીચે બેસીને શ્રીહરિએ ઘણીવાર ભોજન કરેલું છે. તે પ્રસાદીનો વરખડો મોજૂદ છે. તેની બાજુમાં છત્રી છે. તેમાં શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલા છે. ગામની ઉગમણી બાજુમાં પણ એક છત્રી છે. ત્યાં સુંદર વડ હતો તે વડની ડાળે હિંડોળો બાંધેલો અને શ્રીહરિ જન્માષ્ટમીના પવિત્ર દિવસે ઝુલેલા. દંઢાવ્ય પ્રદેશના કરજીસણ અને બીજા અનેક ગામોમાં ભાવિક ભક્તો પંચતિર્થિ કરવા જાય છે. દંઢાવ્ય પ્રદેશની પંચતિર્થિના દર્શન દરેક હરિભક્તોએ અવશ્ય કરવા.

કરજીસણ ગામની લીલા વાંચવાથી શ્રીજી મહારાજ તત્કાળ સાંભરી આવે છે. કરજીસણના ભક્તોને શ્રીહરિએ સુખીયા કર્યા છે. ભક્ત ચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ પ્રકરણમાં ૮૩ લખ્યું છે.

પછી કાઠીએ સજ્યા ઠેકાણ
માંડ્યા ઘણુમૂલે ઘોડે પલાણ,
હાહા કરતા ગુર્જર દેશ
આવ્યા કરજીસણ જઈ સંત બોલાવ્યાં.

કરજીસણ ગામનાં શ્રેષ્ઠ ભક્ત ગોવિંદભાઈ શ્રીહરિને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે ધર્મનંદન શ્રીહરિ દયાળુ ભક્તિદેવીના પુત્ર એવા આપ અમારા માટે ત્યાં કૃપા કરીને પધારો. હે, પ્રભુ પંદર દિવસથી હું તમારી સાથે છું. તો પંદર દિવસ સુધી જે દ્રવ્ય વપરાયું તેની તમે જરાયે ચિંતા કરશો નહિ. મારા ઘરમાં જે દ્રવ્ય છે તે આપને આધિન કરેલું છે. તેથી મારું કાંઈ જ નથી. જે છે તે આપનું જ છે. પ્રભુ સંતો-પાર્ષદો સહિત મારે ઘેર પધારો. તમારા દર્શનનો લાભ આપીને અમને પવિત્ર પાવન કરો. આ પ્રમાણે ગોવિંદભાઈ અને નાનાભાઈ શ્રીહરિને પ્રાર્થના કરી કહેવા લાગ્યા કે કૃપાસાગર પ્રભુ વિક્રમ સંવત ૧૮૬૯ નું વર્ષ જ્યારે આવ્યું (અગનોતેરનો કાળ) ત્યારે અમારા ઘરમાં માટીની કોઠીમાં પચીસ મણ બાજરી ભરેલી હતી તે બાજરીમાંથી દરરોજ સાત શેર બાજરી તે કોઠીના નીચેના કાણેથી કાઢી છ માસ સુધી ગોવિંદભાઈનું સર્વે કુટુંબ જમ્યું હતું. જે સમગ્ર લીલા આપની જ હતી.

### આપણા આગામી ઉત્સવ

આસો સુદ-૨ તા. ૧૭-૧૦-૧૨ બુધવાર બદ્રીનાથ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

આસો સુદ-૧૦ તા. ૨૪-૧૦-૧૨ બુધવાર શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ઉજવાશે.

આસો વદ-૨ તા. ૩૧-૧૦-૧૨ બુધવાર શ્રીસ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ.

### દીપોત્સવી કાર્યક્રમ

**ધનતેરશ** : આસો વદ-૧૨ રવિવાર તા. ૧૧-૧૧-૨૦૧૨

**કાળી ચૌદશ** : આસો વદ-૧૩ સોમવાર તા. ૧૨-૧૧-૨૦૧૨ હનુમાનજીનું પૂજન ૬-૩૦ કલાકે

**દિવાળી** : આસો વદ-૧૪/૩૦ મંગળવાર તા. ૧૩-૧૧-૨૦૧૨ **શારદાપૂજન-ચોપડા પૂજન** સાંજે ૫-૧૫ કલાકે

**નૂતનવર્ષ** : કારતક સુદ-૧ બુધવાર તા. ૧૪-૧૧-૨૦૧૨ **અન્નકૂટદર્શન**

**મંગળા આરતી સવારે : ૫-૦૦ કલાકે**

**શણગાર આરતી સવારે : ૬-૩૦ કલાકે**

**રાજભોગ આરતી સવારે : ૧૨-૦૦ કલાકે**

**અન્નકૂટ દર્શન બપોરે : ૧૨-૦૦ થી ૩-૩૦ સુધી**

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

**પ્ર. : ૧** કોનું અપમાન ન કરવું ? તે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

**પ્ર. : ૨** કચ્છમાં લાંઘણોજ નામનું ગામ છે. જ્યાં શ્રીજી મહારાજ ઘણીવખત પધારેલાં ત્યાં શ્રીજી મહારાજના સત્સંગી હરિભક્ત બહેન થઈ ગયા તેમનું નામ શું હતું ?

**પ્ર. : ૩** અદ્‌ભુતાનંદ સ્વામીના પૂર્વાશ્રમના બે ભાઈ દીક્ષા લઈ સાધુ થયા તેના નામ જણાવો ?

**પ્ર. : ૪** વચનામૃતમાં ચતુર્વ્યુહ અવતારોની વાત આવે છે તો ક્યા ચતુર્વ્યૂહ અવતારો છે ?

**પ્ર. : ૫** ''સાધુ સિધ્ધ ગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દૃઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દૃઢ ભક્તિ થશે.'' - આ આજ્ઞા ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહી છે ?''

**પ્ર. : ૬** રામપ્રતાપભાઈના લગ્ન તરગામના વતની સુવાસીનીબાઈ સાથે થયા હતા તો તેમના માતા-પિતાના નામ શું હતા ?

**પ્ર. : ૭** ભગવાન સ્વામિનારાયણ ચિલોડાના જીતબાને ઘેર પધાર્યા. જીતબાએ ખૂબજ ધામધૂમથી સ્વાગત, સામૈયુ કરીને પોતાના ઘરમાં પધરાવ્યા ત્યારે ભગવાન શ્રીહરિને સુવર્ણનો મુગટ અર્પણ કર્યો તે મુગટ હાલ સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ક્યા નંબરના હોલમાં દર્શન આપે છે અને તે હોલને ક્યું નામ આપવામાં આવેલ છે ?

## સપ્ટેમ્બર-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** (૧) પરરૂપ (૨) અર્ચારૂપ (૩) ચતુર્વ્યુરૂપ (૪) અંતર્યામીરૂપ (૫) વિભવરૂપ. **(૨)** વચનામૃત ગ.મ.પ્ર. ૬૧. **(૩)** તોરણાગામ. **(૪)** હોલ નંબર-૬. **(૫)** સીતાજી, ઉર્મિલાજી, માંડવી, શ્રુતકીર્તિ. **(૬)** (૧) સવિકલ્પ એટલે ભગવાન સિવાય કોઈ પ્રકારની ઈચ્છા રહે તે. (૨) નિર્વિકલ્પ એટલે ભગવાન સિવાય કોઈ પ્રકારની ઈચ્છા ન રહે તે. **(૭)** (૧) ભાર્ગવ્ય (૨) સવિતસ્ય. (૩) વૈતહવ્ય.

૧. મોરી હર્ષાબેન વી. (ડેડીયાસણ)
૨. ભક્તિ મંડળ સખી મંડળ (કઠાડા)
૩. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૪. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૫. સાં. કોકીલાબા-ઉષાબા (સુરેન્દ્રનગર)
૬. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૭. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૮. પટેલ મેઘાબેન કમલેશભાઈ (કુહા)
૯. પટેલ પ્રવિણભાઈ ભેમદાસ (વડુવાળા)
૧૦. અડાલજા કંચનબેન બી. તથા તૃપ્તિબેન એન. અડાલજા (રતનપર)
૧૧. ચૌધરી જોઈતાજી મોતીજી (બાલવા)
૧૨. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૩. ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા)
૧૪. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા)
૧૫. પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૧૬. ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૭. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૮. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૯. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૦. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૨૧. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૨૨. સાં. શીતલબા શીલ્પાબા (કાલુપુર-હવેલી)
૨૩. સાં. મંજુબા, ભારતીબા, (કાલુપુર-હવેલી)
૨૪. સાં. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૨૫. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૬. ભાવસાર અરિવંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૭. પટેલ ટીના કે. (નારણપુરા)
૨૮. પંચાલ વંદના બી. (નારણપુરા)
૨૯. સાં. ગોપીબા, સાં. લલિતા બા (રામપુરા)
૩૦. ચૌધરી હેતલબેન જયંતિભાઈ (બાલવા)
૩૧. શ્રીનરનારાયણ યુવક મંડળ (સ્વા. મંદિર, બાપુનગર)
૩૨. સાં. કંચનબા તથા સાં. કુંદનબા (મેડા)
૩૩. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૩૪. શકરીબેન ભગત (બાઈઓનું મંદિર, વડુ)
૩૫. પટેલ કમુબેન નારણદાસ (વડુ)
૩૬. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ
૩૭. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર
૩૮. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૩૯. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આણંદપુરા)
૪૦. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૪૧. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૪૨. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૪૩. સાં. રંજનબા તથા નાનીબેન સ્વા. મંદિર (વિરાટનગર-ઓઢવ)
૪૪. પટેલ લાભુબેન મનુભાઈ, પટેલ સુભદ્રાબેન રમેશભાઈ (કુંડાળ)
૪૫. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૪૬. કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૪૭. બૂટીયા આર. એમ. (બળોલ-ભાલ)
૪૮. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૪૯. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધુંટુ)
૫૦. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર-અમદાવાદ)
૫૧. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૫૨. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (બાલવા)
૫૩. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૫૪. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૫૫. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું જુનુ (મોરબી)
૫૬. ઘર સભા બહેનો (લુણાવાડા)
૫૭. ગાંધી જ્યોત્સનાબેન (સુરેન્દ્રનગર)
૫૮. વિઠ્ઠલાપરા અમરસીભાઈ વી. (નવસારી)
૫૯. ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૬૦. કોઠારી સુમિત્રાબેન તથા ગીતાબેન
૬૧. પટેલ માધવલાલ સોમદાસ (મારુસણા)
૬૨. પટેલ રમેશભાઈ ઈશ્વરભાઈ (મારુસણા)
૬૩. ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૬૪. પટેલ દિપીકા એચ. (લુણાવાડા)
૬૫. પલ્લવીબેન - શકરીબેન (લાંઘણજ)
૬૬. વસંતીબા - ડાહીબેન (લાંઘણજ)
૬૭. પટેલ લીના વિપુલભાઈ (નવાવાડજ
૬૮. પટેલ ત્રિભોવનદાસ લક્ષ્મણદાસ (નવાવાડજ)
૬૯. કાછીયા તુષાર-નેહા-સ્વીટુ (લુણાવાડા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં અધિક માસમાં સમૂહ મહાપૂજા અને જલઝીલણી એકાદશીનો વરઘોડો**

ભરતખંડના અધિષ્ઠાતા પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી અધિક માસમાં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. અધિક માસની પૂર્વ સંધ્યા એ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે પધાર્યા હતા અને મહાપૂજામાં બિરાજમાન થઈ હરિભક્તોને મહાઅલૌકિક લાભ આપી હરિભક્તો ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

બીજો ભાદરવા સુદ-૧૧ જલ ઝીલણી એકાદશીના શ્રીગણપતિજીનો વરઘોડો પરંપરાગત રીતે અમદાવાદ શ્રીસ્વામિનારાયણ મંદિરથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો-હરિભક્તો અને શ્રીનરનારાયણદેવ ઓચ્છવ મંડળ વરઘોડોમાં ઓચ્છવ કરતા ધૂન ભજન કીર્તનની રમઝટ બોલાવતા હજારો ભક્તજનો બપોરે ૩-૩૦ કલાકે નારાયણઘાટ મંદિર પહોંચ્યા હતા. જ્યાં ૪-૪૫ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી એ પુણ્ય પાવન એવી સાબરમતી નદીમાં નૌકામાં બિરાજી વિસર્જન વિધિ કરીને પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ઓરિએન્ટ બિલ્ડીંગથી વરઘોડો પરત ઓચ્છવ કરતા કરતા અમદાવાદ મંદિરમાં વિરામ પામ્યો હતો. અમદાવાદ મંદિરમાં અને નારાયણઘાટ મંદિરમાં ભવ્ય ઉત્સવ થયા હતા. સમગ્ર વ્યવસ્થામાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, શા. સ્વા. વિશ્વવિહારીદાસજી, નટુ સ્વામી, રામ સ્વામી અને સંત-પાર્ષદ મંડળ જોડાયા હતા. (શા. નારાયણમુનિદાસ)

**અધિક માસમાં થલતેજ વિસ્તારમાં પ્રથમ સત્સંગ સભા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી થલતેજ વિસ્તારમાં તા. ૨-૯-૧૨ ના રોજ પ્રથમ ભવ્ય સત્સંગ સભાનું સુંદર આયોજન થલતેજ અને આજુબાજુના વિસ્તારના હરિભક્તોએ ભેગા મળીને કર્યું હતું. સૌ પ્રથમ કીર્તન ભક્તિ બાદ પધારેલા સંતોમાં શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી એ કથાનો લાભ આપ્યો હતો. કીર્તન કાર શ્રી પૂરવ પટેલે મહારાજની મૂર્તિના કીર્તનો દ્વારા ઉપસ્થિત હરિભક્તોને ભક્તિરસમાં તન્મય કરી દીધા હતા. ત્યારબાદ સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી, શા. સ્વા. હરિૐપ્રકાશદાસજીએ પોતાની વિદ્વતાભરી વાણીનો લાભ હરિભક્તોને આપ્યો હતો. અન્ય પધારેલા સંતોમાં નારણઘાટ મહંત દેવ સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસ, અભય સ્વામી, કોઠારી મુનિ સ્વામી અને શા. માધવ સ્વામી આદિ સંતોએ અંતઃકરણથી આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પી.પી. સ્વામીએ આ વિસ્તારમાં પ.પૂ. મહારાજશ્રીને મંદિર બનાવવાનો સંકલ્પ હતો તે વાત રજુ કરી હતી. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ યજમાન પરિવારે ઠાકોરજીની આરતી કરી પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. આ સભામાં ખાસ સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. આ પ્રથમ સભાના યજમાન પ.ભ. ધનવંતભાઈ (મણીપુરા) રહ્યાં હતા. દર માસે થલતેજમાં સત્સંગ સભા થશે. જેનો આજુબાજુમા વસતા હરિભક્તોએ લાભ લેવો.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**બિલોદરા (ચરાડા) ગામ અમદાવાદ-જેતલપુર પદયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામીની પ્રેરણાથી બિલોદરા ગામના સમસ્ત હરિભક્તોએ ભેગા મળીને બિલોદરાથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ અને જેતલપુર ધામ શ્રી રેવતીજી બળદેવજી મહારાજના પગે ચાલતા દર્શનનો સુંદર સંકલ્પ અમદાવાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમવાર આ ગામમાં પધાર્યા ત્યારે કર્યો હતો. જે સંકલ્પ પરિપૂર્ણ થયો. આ ભવ્ય પદયાત્રામાં નારાયણઘાટમાં ભક્તોને રાત્રીય સત્સંગનો લાભ સ્વામી અભયપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામીએ આપ્યો હતો. પદયાત્રામાં નારણઘાટના સંતો શા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા શા. દિવ્યપ્રકાશદાસજી આદિ જોડાયા હતા.

(ભીખાજી બિલોદરા)

**શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવા રજત જયંતી વર્ષ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ.શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને શ્રીનરનારાયણદેવ યુવક મંડળ બાલવાના રજત જયંતી વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે તા. ૨૩-૯-૧૨ ને રવિવારના રોજ વિવિધ આયોજન થયા હતા. જેમાં યુવા શિબિર, કિશોર મંડળ શિબિર, બાળ મંડળ શિબિર તથા ભવ્ય સત્સંગ સભા તથા

સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના અધ્યક્ષ સ્થાને મહાભિષેક, સત્સંગ સભા, બાળ મંડળ, કિશોર મંડળ, બાલિકા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો સુંદર રીતે થયા હતા. અન્ય કાર્યક્રમ પૈકી વ્યાખ્યાન માળા, કીર્તન ભક્તિ અને પ્રશ્નોતરીના કાર્યક્રમ થયા હતા. સાથે સાથે ભૂતપૂર્વ યુવક મંડળના પ્રમુખો, મંત્રીઓનું સન્માન અને ૨૫ ગામોના યુવક મંડળ, કિશોર મંડળને આમંત્રિત કરી તેમને સન્માનિત કરવામાં આવ્યા. પ.પૂ. લાલજી મહારાજશ્રીને ૨૫ ફૂટનો હાર પહેરાવી રજત જયંતી વર્ષના મંગલ પ્રવેશે રૂડા આશીર્વાદ મેળવ્યા. ૨૫ દિવેટોની મહા આરતી ઉતારવામાં આવી. મહેમાનોનું સન્માન, સંતોએ શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા અને મૂળ સંપ્રદાયના સિદ્ધાંતોની છણાવટ કરવામાં આવી. ગામ ગુરુ પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુરધામ)નું સન્માન સમસ્ત ગામે કર્યું. યુવક મંડળ વતી પ.ભ. ઉદયનભાઈ મહારાજએ વ્યસન મુક્તિ ઉપર સુંદર ઉદ્‌બોધન કર્યું. સભાને અંતે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે શ્રી નરનારાયણદેવ પ્રત્યેની નિષ્ઠા વિશેષ રાખીને સૌ સત્સંગમાં સંપ રાખીને કામ કરજો. તેવા આશીર્વાદ આપી રાજી થયા હતા. બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં જેતલપુર અને અમદાવાદના સાંખ્યયોગી બહેનોએ ધર્મ, નિયમ સાથે મૂળ સંપ્રદાય સાથે નાતો રાખશો તો કલ્યાણમાં ખામી નહીં રહે. તેમ ભારપૂર્વક કહ્યું. છેલ્લે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના ઉતારા અને પૂજનનો લાભ અ.નિ. પ.ભ. ચૌધરી ગોવાભાઈ ફતાભાઈ પરિવારના ચૌધરી સોમાભાઈ, કાંતિભાઈ ચૌધરી આદિએ લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.

આ પ્રસંગે જેતલપુર, માણસા, કાંકરિયા, મહેસાણા, મૂળી અને અમદાવાદથી સંતો પધાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા. ભક્તિનંદન સ્વામી (જેતલપુર)એ કર્યું હતું. સમગ્ર આયોજનની રૂપરેખા પ.ભ. નારાયણભાઈ (માસ્તર) એ કરી હતી. રસોડા, લાઈટ, મંડપ, સ્ટેજ અને સાઉન્ડની તમામ વ્યવસ્થા સ્વંય સેવકોએ બજાવી હતી. છેલ્લે સૌએ પ્રસાદ લઈ રજત જયંતી વર્ષને ચોકલેટ ઉત્સવથી ઉજવીને ધન્ય ધન્ય બનાવ્યું.(શા. ભક્તિનંદનદાસ, ચૌધરી અમૃતભાઈ, અલ્કેશભાઈ, વિનુભાઈ)

**પવિત્ર અધિક માસમાં ઘાટલોડિયા મંદિરમાં પંચ દિનાત્મક રાત્રીય જ્ઞાન સત્ર અને સમૂહ મહાપૂજાનું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડિયામાં તા. ૨૨-૮-૧૨ થી તા. ૨૬-૮-૧૨ પર્યન્ત શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા પંચ દિનાત્મક જ્ઞાન સત્રનું સુંદર આયોજન થયું. જેનો ઘાટલોડિયા અને આજુબાજુના હરિભક્તોએ લાભ લીધો હતો. જેમાં શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી, સ.ગુ.શા. હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામીશ્રી, કાલુપુર), શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) અને છેલ્લા દિવસે શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી આદિ સંતોએ સતત પાંચ દિવસ સુધી મહારાજ પ્રત્યેની નિષ્ઠા, મહિમા, નિયમ, નિશ્ચય અને પક્ષ આદિ વિષયો પર વ્યકત્વય આપીને હરિભક્તોને જ્ઞાન પિરસ્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળને આવા સુંદર આયોજન બદલ સર્વે સત્સંગ સમાજ વતી પ.ભ. છનાભાઈ સાહેબે શુભેચ્છા પાઠવી હતી. અધિક માસની પૂર્વ સંધ્યાએ તા. ૧૬-૯-૧૨ ને રવિવારના રોજ સુંદર સમૂહ મહાપૂજાનું આયોજન સંપન્ન થયું.

''अधिकस्य अधिकं फलं''

આ ઉક્તિ મુજબ અધિક માસની અમાસે ઘાટલોડિયા શ્રીનરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ૮૦ જેટલા હરિભક્તોએ સમૂહ મહાપૂજામાં બેસીને અલૌકિક લાભ લઈ ધન્ય બન્યા. સમૂહ મહાપૂજાના મુખ્ય યજમાન પ.ભ. જયેન્દ્રભાઈ છોટાલાલ પરીખ રહ્યાં હતા. સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ મહાપૂજાનો મહિમા ફળ સમજાવીને મહાપૂજા કરાવીને ભક્તોને ફળના ભાગી બનાવ્યા હતા. આ આયોજનમાં ટ્રસ્ટી મંડળ અને યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (દિનેશભાઈ પટેલ)

**પવિત્ર અધિક માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ રાત્રીય પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા. સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીસ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર સત્સંગ સમાજ દ્વારા પવિત્ર અધિક માસમાં તા. ૧૨-૯-૧૨ થી તા. ૧૬-૯-૧૨ રાત્રીય પારાયણ સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)ના વક્તા પદે થઈ હતી. પારાયણના મુખ્ય યજમાન પટેલ શકરીબેન શકરચંદ (ભગત) અને પટેલ જોઈતીબેન બાબુભાઈ પરિવાર (મારૂસણાવાળા) રહ્યાં હતા. અન્ય કાર્યક્રમોમાં પણ ઘણા સેવાભાવી હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો.

કથાની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૬-૯-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. સાથે સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ) સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી અને સ.ગુ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) આદિ સંતો પધાર્યા હતા. અને પોતાની પ્રેરક વાણીનો સુંદર લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તોએ કથાનું શ્રવણ કરી ધન્ય ધન્ય બન્યા હતા.

(શા. સ્વા. દિવ્યપ્રકાશદાસ)

**અધિક માસમાં જેતલપુરધામમાં ઠાકોરજીનો મહાભિષેક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અધિક માસમાં અધિક ભાદરવા સુદ-૮ (પાટોત્સવ તિથિ) ના ઉપલક્ષમાં તા. ૩-૯-૧૨ થી તા. ૯-૯-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વામી ભક્તિનંદનદાસજીના વક્તાપદે અને પ.ભ. જયેશભાઈ (જનકભાઈ) વિનુભાઈ પટેલ (હિરાપુર-હાલ અમદાવાદ)ના યજમાન પદે થઈ હતી. તા. ૩-૯-૧૨ ના રોજ ભવ્ય શોભાયાત્રા દ્વારા કથાનો શુભારંભ થયો હતો. કથા પ્રસંગમાં આવતા જન્મોત્સવ, ગાદી અભિષેક અને અન્નકૂટોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા.

તા. ૪-૯-૧૨ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ત્યારે યજમાન પરિવારના બહેનોએ પૂજન-અર્ચન આરતી કરીને આશીર્વાદ મેળવ્યા હતા. તા. ૯-૯-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો વેદોક્ત વિધિસર ષોડશોપચાર મહાભિષેક ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો. ત્યારબાદ યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સભામાં પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા અને કથાની પૂર્ણાહુતિમાં ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. કથાની પૂર્ણાહુતિ, વક્તા, સહિંતા પાઠી વક્તા વિષ્ણુ સ્વામી ગુરુ સ્વામી જગતપ્રકાશદાસજીનું, વિષ્ણુ સહસ્ર પાઠ કરતા ભૂદેવો, બટુકોનું પૂજન થયું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી યજમાનશ્રીના પુત્ર અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સખા શ્રી ધ્રુવિન અને ધાર્મિકે કરીને ધન્યતા અનુભવી હતી. ધામોધામના સંતોના પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર) અને બ્ર. પવિત્રાનંદજી (છપૈયા)એ સંભાળ્યું હતું. દૈનિક વ્યાખ્યાન માળામાં પૂ. સ.ગુ.શા. પી.પી. સ્વામી અને પૂ. શા. આત્મપ્રકાશદાસજી વિરાજમાન થયા હતા. તમામ વ્યવસ્થામાં વડીલ સંત સ.ગુ. શ્યામચરણ સ્વામી, મહંતશ્રી કે.પી. સ્વામી અને મહંત વી.પી. સ્વામી રહ્યા હતાં.

(મહંતશ્રી કે.પી. સ્વામી અને ભટ્ટજી જેતલપુર)

**આદિશ્વરનગર નરોડા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ. સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની પ્રેરણાથી પવિત્ર અધિક માસમાં શ્રી સ્વામિનારાયણમંદિર આદિશ્વરનગર નરોડામાં અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ પ્રથમ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં ધૂન્યની પૂર્ણાહુતિ કરી હતી. સંતોએ અધિક માસનો મહિમા કહ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે મંદિરમાં વિરાજમાન મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. તેમની પાસે માંગજા અને તેને સેવજો. એમ કહી રાજી થયા હતા. હરિભક્તોએ ચરણ-સ્પર્શ કરી ધન્ય બન્યા હતા. મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સૌને અલૌકિક લાભ આપી પ.પૂ. મહારાજશ્રી વિદાય થયા હતા. (શા.ભક્તિનંદનદાસ, જેતલપુર)

**નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી)માં શ્રી સત્સંગિભૂષણ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ) ની પ્રેરણાથી તથા શા. વિશ્વપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી) ના આયોજન દ્વારા પવિત્ર અધિક માસમાં તા. ૧૦-૯-૧૨ થી તા. ૧૬-૯-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ અંતગર્ત દંઢાવ્ય દેશની (ઉત્તર ગુજરાત) લીલા સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (જેતલપુર ધામ-કલોલ પંચવટી મંદિરના નિર્માતા) વ્યાસપીઠે બિરાજીને સુમધુર કંઠે કથામૃત પાન કરાવ્યું હતું. કથા પ્રસંગમાં જે જે ગામની કથાઓ આવતી તે તે પ્રસંગો અને તેજ ગામના ભાવિક ભક્તો પ્રસાદ લઈને આવતા અને પ્રસાદ પિરસતા. જે પ્રસંગ અલૌકિક કહેવાય. મહેસાણાથી ખીચડી, ડાંગરવાથી દૂધ વગેરે વગેરે......તા. ૧૫-૯-૧૨ ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. તા. ૧૬-૯-૧૨ પૂર્ણાહુતિ પ્રસંગે સાંજના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને કથાની પૂર્ણાહુતિની આરતી કરી હતી. યજમાન પરિવારના પ.ભ. મહેશભાઈ રમણલાલ ઈશ્વરદાસ (મોખાસણ) અને અન્ય પ્રસંગના યજમાનોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. છેલ્લે **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી નરનારાયણદેવનું મંદિર બને છે માટે તમે બધા ખૂબ સેવા કરજો જેથી ભગવાન જલ્દી આ નવા મંદિરમાં બિરાજમાન થાય.**

આ પ્રસંગે ધામોધામના સંતોમાં નારણપુરા, જેતલપુર, અમદાવાદ, જમીયતપુરા, સાયલા અને મહેસાણાના સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. વંદનપ્રકાશદાસજી (લીંબડી કોઠારી)એ સંભાળ્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બાળ મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(શા. ભક્તિનંદનદાસ, જેતલપુર)

**શ્રીહરિના પ્રસાદીના ઓળામાં પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના

આશીર્વાદથી શ્રીહરિ સમકાલિન રતનબા ના ઓળા ગામે તા. ૧૦-૮-૧૨ થી તા. ૧૬-૮-૧૨ સુધી ગામ સમસ્ત શ્રીરામચરિત્ર સપ્તાહ પારાયણ જેતલપુર ધામના મુખ્ય પુજારી શા. બ્ર. પૂર્ણાનંદજી સ્વામીના વક્તાપદે વિધિવત રીતે થઈ હતી. આ શુભ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સાથે સાથે જેતલપુર, અમદાવાદ, કાંકરિયા, જમીયતપુરા, માણસા, મહેસાણા, સાયલા, લીંબડી અને મકનસરથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંતશ્રી) કર્યું હતું. અને આયોજન મહંત શા. વિશ્વપ્રકાશદાસજી (કલોલ પંચવટી) તથા અત્રેના યુવાનોએ કર્યું હતું. પ્રસંગમાં યજમાન બની હરિભક્તોએ લાભ લઈ ધન્ય બન્યા હતા. (શા. ભક્તિ સ્વામી જેતલપુર)

**અધિક માસમાં મહેસાણા મંદિરમાં ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.પૂ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને મહેસાણા મંદિરના મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી તા. ૨-૯-૧૨ ના રોજ અધિક માસ નિમિત્તે શ્રી નરનારાયણાદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમપૂર્વક સંપન્ન થયો. સભામાં યજમાન પરિવાર દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમૂહ મહાપૂજામાં ૨૨૫ યજમાનો એ બેસી લાભ લીધો હતો. પૂ.શા. પી.પી. સ્વામીએ વ્યાખ્યાન માળામાં બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. જેમાં મુખ્ય રામ, શ્યામ, ઘનશ્યામનો સંબંધ ઘણો જૂનો છે તે વિષય પર જ્ઞાન પિરસ્યું હતું. હરિભક્તોનું સન્માન બાદ સૌએ અન્નકૂટ આરતીના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે જેતલપુર મહંતશ્રી કે.પી. સ્વામી, વયોવૃદ્ધ સંત શ્યામ સ્વામી, શા. ઉત્તમ સ્વામી અને શા. હરિપ્રિય સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. સભા સંચાલન શા. પ્રેમપ્રકાશદાસે (મહેસાણા) કર્યું હતું. (શા.વી.પી.સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં અધિક માસમાં શ્રીઘનશ્યામ મહારાજનો મહાભિષેક**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા વડનગર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વામી નારાયણવલ્લભદાસજીની શુભ પ્રેરણાથી પવિત્ર અધિક માસમાં વડનગર મંદિરમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ નવદિનાત્મક પારાયણ શા.સ્વા. અભિષેકપ્રસાદદાસજીના વક્તાપદે સુંદર રીતે થઈ હતી. ગ્રામજનોએ કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર આયોજનના યજમાન પદે પ.ભ. પટેલ પરસોતમભાઈ (કચ્છી પરિવાર) તથા પ.ભ. મોદી રમણલાલ નરોતમદાસ પરિવારે (વડનગર) લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. શા.સ્વા. ઘનશ્યામપ્રસાદદાસજી (કલ્યાણપુરા)એ સુંદર સભા સંચાલન કર્યું હતું. આ પ્રસંગે ઈસંડથી સ્વામી શ્રીવલ્લભદાસજી અને અમદાવાદથી શા. વિશ્વસ્વરૂપદાસજી પધાર્યા હતા. તા. ૧૩-૯-૧૨ના રોજ કથાની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આદિ થયા હતા. પ્રાસંગિક સભામાં ટ્રસ્ટીશ્રી નવિનભાઈ મોદીએ ભાવવાહી પ્રવચન કર્યું હતું. આ પ્રસંગમાં ખેરાલુ, ડભોડા, સતલાસણા, રાજપુરા (વડ) અને વિસનગરના હરિભક્તો પધાર્યા હતા. અને દર્શન કરી ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ભોજન પ્રસાદના યજમાન પ.ભ. કાલીદાસ જયંતીલાલ રહ્યાં હતાં. (ભૂમિત પટેલ તથા શૈલેષ ભગત)

**જેતલપુરધામ દ્વારા આયોજીત કથા પારાયણો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને જેતલપુરધામના મહંત પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં શ્રી નરનારાયણદેવ દેશના નીચેના ગામોમાં શા.સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તા પદે પંચાન્હ પારાયણ તથા સભાઓનું આયોજન થયું હતું. કથા અને સત્સંગનું પાન કરી. દેવ પ્રત્યે નિષ્ઠા અને મૂળ સંપ્રદાયનું જ્ઞાન પિરસીને સૌને ખૂબજ કથામૃતથી રંગી દીધા હતા.

(૧) તા. ૫-૮-૧૨ થી તા. ૧૦-૮-૧૨ વિરમગામમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ સ્કંધ પારાયણમાં ગ્રામના ભાવિક ભક્તોએ સુંદર લાભ લઈ કૃતાર્થ થયા હતા. જન્માષ્ટમીના કથાની પૂર્ણાહુતિ થઈ હતી.

(૨) તા. ૧૦-૮-૧૨ થી તા. ૧૪-૮-૧૨ કાલીયાણા ગામે શ્રીહરિ ઐશ્વર્ય દર્શનની પંચાન્હ પારાયણનું આયોજન થયું હતું. જેમાં વડીલ હરિભક્તો અને વિશેષ યુવાનોએ કથાનો લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું.

(૩) તા. ૧૫-૮-૧૨ થી તા. ૧૯-૮-૧૨ માંડલ ગામમાં શ્રીહરિ ઐશ્વર્ય દર્શન પંચાન્હ પારાયણ કરવામાં આવી હતી. પૂર્ણાહુતિના દિવસે માંડલથી શ્રી સ્વા. મ્યુઝિયમના દર્શન કરવાનું આયોજન કર્યું હતું.

(૪) જેતલપુર ધામ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં આખો શ્રાવણ માસ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ (કલોલ મહંતશ્રી) બિરાજીને કથામૃતનું પાન કરાવ્યું હતું.

(૫) જેતલપુરધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બહેનોના) હવેલીમાં પવિત્ર શ્રાવણ માસમાં અને અધિક માસમાં ''ઘનશ્યામ લીલામૃત''ની કથા સાં. નર્મદાબાએ કરી હતી. જેમાં ગામના સત્સંગી બહેનોએ કથાનો લાભ લીધો હતો.

(૬) નીચેના ગામોમાં સ.ગુ.શા.ઉત્તમપ્રિયદાસજી (મહેસાણા) અને સ.ગુ.શા. સ્વા. ભક્તિનંદનદાસજીએ કથા શ્રાવણ કરાવ્યું હતું. જેમાં માંડલ યુવક મંડળ સેવામાં જોડાયું હતું. તા. ૧૪-૮-૧૨ ડેડીયાસણ તા. ૨૦-૮-૧૨ શેર તા. ૨૧-૮-૧૨ વણોદ તા. ૨૨-૮-૧૨ નાના ઉભડા તા. ૨૩-૮-૧૨ મોટા ઉભડા અને તા. ૨૪-૮-૧૨ કુણપુર.

(શા. ભક્તિનંદનદાસજી, અરૂણ ગજ્જર, માંડલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને શા.પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં શ્રાવણ માસ તથા અધિક માસમાં લઘુરૂદ્ર યજ્ઞ તથા સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કર્યું હતું. બન્ને પ્રસંગમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ પ્રસંગે સર્વેના હૃદય સમ્રાટ પ.પૂ. મોટા મહારાજશ્રી યજ્ઞમાં શ્રીફળ હોમવા પધાર્યા હતા અને સર્વે યજમાનોને શ્રી ઘનશ્યામ મહારાજનો પ્રસાદીનો હાર પહેરાવી આશીર્વાદ આપીને ભગવદ્ સંબંધી પ્રવૃતિ જોઈ ખૂબજ રાજીપો દર્શાવ્યો હતો.

(શા. દિવ્યપ્રકાશદાસ)

**જેતલપુરધામમાં રવિ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રે જેતલપુરધામમાં દર રવિવારે રવિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અત્યાર સુધી કુલ ૮ રવિ સભા થઈ છે. જેમાં ૬૦ થી ૭૦ જેટલા યુવાનો અને બાળકો જ્ઞાનસત્રનો લાભ લેશે. જેમાં વિવિધ લક્ષી પ્રવૃત્તિનો સમન્વય કરવામાં આવ્યો છે. જેનું સંચાલન શા.સ્વા. ભક્તિનંદનદાસજી અને પ.ભ. ગજેન્દ્રસિંહ દરબાર, રણધીરસિંહ દરબાર, રાજુભાઈ, દશરથભાઈ, જશવંતસિંહ અને ભરતભાઈ દરજી આદિ કરે છે. રવિ સભાથી અનેક નવા મુમુક્ષુઓ થયા છે. (મહંતશ્રી કે.પી. સ્વામી, જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર**
**(કનખલ રોડ શંકરાચાર્ય ચોક)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અને મહંત શા.સ્વા. આનંદજીવનદાસજીની પ્રેરણાથી આપણા હરિદ્વાર મંદિરમાં પવિત્ર અધિક માસમાં તા. ૩૦-૮-૧૨ થી તા. ૩-૯-૧૨ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ સ.ગુ. શા.સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે આગવી શૈલીમાં થઈ હતી. તા. ૩૧-૮-૧૨ પૂનમના દિને અધિક માસ નિમિત્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ, મહાપૂજા આદિ ઉત્સવો વિધિવતરીતે સંપન્ન થયા હતા. આ પ્રસંગમાં નારણપુરા, અમદાવાદના હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. જેમાં અ.નિ. લવજીભાઈ ભીમદાસ પટેલ હ. રણછોડભાઈ, અ.નિ. પ્રભુદાસ ઉમેદભાઈ પટેલ હ. ચંદ્રકાન્તભાઈ, રમેશભાઈ, ભૂપેન્દ્રભાઈ તથા માવજીભાઈ વાલજીભાઈ પટેલ, ઘનશ્યામભાઈ શનાભાઈ બારોટ, પરસોતમભાઈ દાસ (ગવાડા), અ.નિ. લાલજીભાઈ લવજીભાઈ પટેલ પરિવાર (દેવપુરા), હ. જયંતીભાઈ પટેલ, મનુભાઈ માધવલાલ, વનમાળીભાઈ આદિ હરિભક્તોએ લાભ લીધો હતો.

(કોઠારી હરિપ્રકાશદાસજી, હરિદ્વાર)

**એપ્રોચ (બાપુનગર) મંદિર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અને રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી સિવિલ હોસ્પિટલના થેલેસેમીયા પીડિત દર્દીઓના લાભાર્થે તા. ૨૬-૮-૧૨ રવિવારના અત્રે એપ્રોચ મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ રાખેલ. જેમાં ૫૩ હરિભક્તોએ પોતાનું કિંમતી બ્લડનું ડોનેટ કરીને સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (ગોરધનભાઈ સીતાપરા)

**સર્વોપરિ ધામ છપૈયા મંદિરમાં શ્રી ઘનશ્યામ ચરિત્ર કથા પારાયણ અને સત્સંગિજીવન પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રેના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીની પ્રેરણાથી ધંધુકા નિવાસી અ.નિ. રતિલાલ દેવચંદભાઈ સોની તથા અ.નિ. જીવતીબેન રતીલાલના સ્મરણાર્થે તથા અ.નિ. સ.ગુ. ગવૈયા બ્ર. સ્વા. રામકૃષ્ણાનંદજી તથા અ.નિ. સ.ગુ. શા.સ્વા. ગોપાલચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી છપૈયા ધામમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ તથા કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તા બ્ર. શા. હરિસ્વરૂપાનંદજી (મહંતશ્રી, કાનપુર) એ સંગીત સાથે કથામૃત પાન કરાવ્યું હતું. જેમાં પ.ભ. જયંતીભાઈ રતિલાલ સોની તથા અરવિંદભાઈ આર. સોની પરિવાર યજમાન પદે રહ્યાં હતાં. કથા પ્રસંગે ધામધામના સંતોએ પધારી આશીર્વાદ આપ્યા હતા. યજમાન પરિવાર અને તેમના સગા સંબંધીઓએ બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજના જન્મસ્થાનમાં સુવર્ણ બારણા અને થાળ આદિની મોટી સેવાઓ નોંધાવી હતી. છેલ્લા દિવસે અધિક માસ નિમિત્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આદિ ધામધૂમથી થયા હતા. આ પ્રસંગમાં બ્ર. પવિત્રાનંદજી અને સ્ટાફે સુંદર સેવા બજાવી હતી. યજમાન પરિવાર પણ આવા સર્વોપરિ ધામમાં સુંદર સેવા મળી તેથી પોતાને ધન્ય ભાગી માનતા હતા.

સત્સંગિજીવન પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીની પ્રેરણાથી પવિત્ર અધિક માસમાં મુંબઈ ભક્તિ મહિલા મંડળ તરફથી શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. આનંદસ્વરૂપદાસના વક્તાપદે થઈ હતી. કથામાં આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. મુંબઈમાં સત્સંગી બહેનોએ જન્મસ્થાનમાં સુંદર સેવા કરી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવ્યો હતો. કથાનું સંચાલન બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજીએ કર્યું હતું.

(બ્ર. હરિસ્વરૂપાનંદજી, બ્ર. પવિત્રાનંદજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી ઠાકોરજી સમક્ષ અધિક માસમાં ઉત્સવો ધામધૂમથી ઉજવ્યા હતા. હરિભક્તોએ ઉત્સવના દર્શન કરી ધન્ય બન્યા હતા.

(કોઠારી હરિભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સાધુ હરિવલ્લભદાસ ગુરુ શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી તથા કોઠારી અમૃતભાઈ, ડૉ. કે. આર. પટેલ શ્રી મહાદેવભાઈ અને શ્રી પ્રશાંતભાઈ વ્યાસ આદિ હરિભક્તોના સાથ સહકારથી શ્રાવણ વદ-૮ રાત્રે ૯ થી ૧૨-૩૦ સુધી બોપલ મંદિરમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે કીર્તન ભક્તિ કથાવાર્તા ઉપરાંત શ્રી નરનારાયણદેવ બાળ મંડળના કૌશલ પટેલ, ઋષિ ઠક્કર, કૌશલ મહેતા, મૌનિલ પટેલ અને ઋષિ ડોડીયાએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રોની અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં અદ્‌ભુત વાતો કરીને સુંદર દૃષ્ટાંત પુરુ પાડ્યું હતું. બાળકોના આવા ઉદ્‌બોધનથી સંતોએ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદ મંદિરના ટ્રસ્ટી શ્રી રતિભાઈ પટેલ પણ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. સુંદર રાસ પણ થયા હતા.

હરિભક્તો ઉપરાંત બોપલ, ધુમા, આંબલી અને ગોધાવીથી ધાર્મિક પ્રજા દર્શનાર્થે આવી હતી. ભાવિક જનોને પ્રોજેક્ટ દ્વારા શ્રીહરિ સમકાલિન વઢવાણના કેસર મિયા તથા બાળકૃષ્ણ-ચરિત્રો વિષેના બે ધાર્મિક ચિત્રો બતાવ્યા હતા.

રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. મંદિરને લાઈટની રોશનીથી સુંદર રીતે શણગાર્યું હતું. શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવી દર્શન કરાવ્યા હતા. અન્ય પ્રવૃતિમાં ૩ બસો દ્વારા હરિભક્તોને જેતલપુર, ડભાણ, વડતાલ, મેતપુર, ખંભાત અને સીંજીવાડા મંદિરોમાં દર્શન કરાવ્યા હતા. અધિક માસમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા કરવામાં આવી હતી.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસામાં કથા પારાયણ**

શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી પવિત્ર અધિક માસમાં માણસા મંદિરમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શા.સ્વા. હરિજીવનદાસજી (હિંમતનગર મહંતશ્રી) તથા શા. સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. કથામાં કીર્તન ભક્તિનો આસ્વાદ ગવૈયા સ્વામી ચંદ્રપ્રકાશદાસના સુમધુર કંઠે મળ્યો હતો. આ પ્રસંગે અધિક માસ નિમિત્તે તિથિ મુજબ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ અને મહાપૂજા આદિ થયા હતા. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે જેતલપુર મહંતશ્રી પૂ. સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કથાના યજમાન શ્રી દિપસિંહ અને શ્રી રવિન્દ્રસિંહ ને પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીએ રાજીપાનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. પ્રાસંગિક સભામાં જેતલપુર મંદિરના મહંત પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી આદિ સંતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. માણસા અને આજુ બાજુના ગામોના હરિભક્તોએ કથા શ્રવણ, દેવદર્શન કરી પ્રસાદ લઈ કૃતાર્થ થયા હતા.

અધિક માસમાં વિદુરનિતી પારાયણ

સ.ગુ.શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીહરિએ માન્ય કરેલ વિદુરનિતી પારાયણનો સુંદર લાભ આપેલ. આ પ્રસંગમાં ઘણા નવા મુમુક્ષુ થયા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરવામાં આળી હતી. યજમાન તરફથી સુંદર પ્રસાદ વગેરે સેવા પ્રાપ્ત થઈ. યુવક મંડળના શ્રી અનિલ તથા નિલેશ આદિ પ્રેરણારૂપ રહ્યાં હતાં. કથા શ્રવણ કરી હરિભક્તો ધન્ય બન્યા હતા.

(શા. ભક્તિકેશવદાસ ગવૈયા ચંદ્રપ્રકાશદાસ માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા) ૯૬ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા- આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા) નો ૯૬ મો પાટોત્સવ તા. ૨૨-૮-૧૨ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવના યજમાન ધમુબા બાલુજી ચાવડા હ. કકુજી બાલુજી પરિવારે લાભ લીધો હતો.

આ પ્રસંગે મહેસાણા મંદિરના મહંત સ્વામી શા. નારાયણપ્રસાદદાસજી સંત મંડળ સાથે પધાર્યા હતા. સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ તથા પૂજા વિધિ અને કથાવાર્તા થઈ હતી. ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

તા. ૨૧-૮-૧૨ ના રોજ ઘનશ્યામ મહિલા મંડળ દ્વારા મહાપૂજાનું સુંદર આયોજન થયું. જેમાં વિહારના સાં. કૈલાસબા અને સાં. મંજુબાએ મહાપૂજા વિધિ કરાવી હતી. ૭૫ બહેનોએ લાભ લીધો હતો. (ભૂપેશભાઈ ભાવસાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલમાં કથા-પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નાંદોલ મંદિરમાં અધિક માસમાં બહેનો દ્વારા શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા સાં. નર્મદાબા, સાં. સંગીતાબા (જેતલપુર)ના વક્તાપદે થઈ હતી. આજુબાજુના ગામોના બહેનો પણ કથામાં લાભ લેતા હતા. ગામમાં પોથીયાત્રા ભવ્યતાથી યોજાઈ. પાંચમાં દિવસે સાં. બચીબા મંડળ સાથે પધાર્યા હતા. કથામાં દેવ અને આચાર્ય મહારાજશ્રીનો મહિમા-માહાત્મ્ય સમજાવ્યું હતું. બહેનો કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. (કોઠારી વિષ્ણુભાઈ નાંદોલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવામાં અધિક માસમાં અભિષેક અને પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વા. ઉત્તમપ્રિયદાસજી એવં મહંત શા.સ્વા. બ્રહ્મવિહારીદાસજીની પ્રેરણાથી ચરાડવા ગામના ભાવિક ભક્તોના વિવિધ યજમાન પદે તા. ૧-૭-૧૨ થી ૧૦-૯-૧૨ પર્યન્ત સુંદર ધાર્મિક કાર્યક્રમ થયા.

શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર, વિદ્વાન સ.ગુ. પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે ચરાડવા ગામ અને આજુબાજુના ગામોના હજારો ભાવિક ભક્તોએ કથાનું શ્રવણ મનન કરીને જીવન કૃતાર્થ કર્યું હતું.

તા. ૮-૯-૧૨ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રીરાજાએ પધારીને સૌ ભક્તોને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. તા. ૯-૮-૧૨ ના રોજ મોડી સાંજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ઉપસ્થિત સંતો-ભક્તોએ ઉમળકાભર્યું સ્વાગત સામૈયુ કર્યું હતું.

તા. ૧૦-૯-૧૨ ના રોજ પ્રાતઃ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર કરી ભક્તોને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રામાં સમસ્ત સમાજ ભાવથી નાચી ઉઠ્યો હતો. જે દર્શન ખરેખરે અલૌકિક અદ્‌ભુત હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઠાકોરજીની અન્નકૂટ આરતી કરીને નૂતન ઓફિસનું ઉદ્‌ઘાટન કરી સભામાં પધાર્યા હતા. જ્યાં કથાનું સમાપન, સંતોના પ્રવચન અને પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ, દર્શન શ્રવણ કરી હરિભક્તો ધન્ય બન્યા હતા. આ પ્રસંગે સમસ્ત ગામના હરિભક્તોએ સેવા કરી અને સ્વયં સેવકની પણ સેવા બજાવી હતી.

ધામો ધામના સંતો અને સાંખ્યયોગી બાઈઓ પધાર્યા હતા. હરિભક્તો દર્શન કરી કૃત કૃત્ય બની ગયા હતા.

(શા. સત્યપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા વયોવૃધ્ધ સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ અને અધિક માસમાં કથા પારાયણ સુંદર રીતે થઈ હતી. સંતો દ્વારા કથામૃત પાન કરી હરિભક્તો રાજી થયા હતા. કાળુ ભગતે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (કોઠારી બી.એમ. પટેલ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપા અને આશીર્વાદથી અત્રે આપણા ઓકલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં ઠાકોરજીને વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. તેમજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવી હતી. શ્રીહરિની આજ્ઞાના અનુસંધાને શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની કથા પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (અસારવા ગુરુકુળ)ના વક્તાપદે હજારો મુમુક્ષુઓએ કથા શ્રવણ કર્યું હતું. શા. રાધારમણદાસે કીર્તન ભક્તિનો લાભ આપેલ. કૃષ્ણ જન્મોત્સવના રાત્રે પ્રથમ કીર્તન ભક્તિ અને કથા પ્રારંભ અને પૂર્ણાહુતિ કરાવેલ. ત્યારબાદ પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલે વક્તાશ્રીનું પૂજન અર્ચન કર્યું હતું. યજમાનો દ્વારા રાત્રે ૧૨ કલાકે જન્મોત્સવ આરતી અને ભગવાનને અન્નકૂટ ધરાવ્યો હતો.

સંપૂર્ણ ઉત્સવના યજમાન પદનો લાભ પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલના સ્નેહી શ્રી પ્રશાંતમાને, અનઘ અદ્વૈત વગેરે પરિવારે લાભ લીધો હતો. પારાયણના યજમાનનો લાભ શ્રી સુરેશભાઈ અમીન, નિરવ વગેરે એ લીધો હતો. અને ભગવાનને સુંદર નવા વાઘા ધરાવેલ. ૭૦૦ ઉપરાંત હરિભક્તોએ કથા શ્રવણ અને દર્શનનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ઉત્સવમાં સભાનું સંચાલન શ્રી બિપીનભાઈ ઠક્કરે કર્યું હતું. તમામ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી.

(શાસ્ત્રી તુષારભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ૭ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે કોલોનીયા મંદિરના મહંત શા.સ્વા. જ્ઞાનપ્રકાશદાસજીની પ્રેરણાથી ૨૫ ઓગસ્ટથી ૧ સપ્ટેમ્બર

સુધી કોલોનીયા મંદિરના ૭ માં પાટોત્સવના પ્રસંગે સુંદર કાર્યક્રમ થયા. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. આ પ્રસંગે શ્રી હરિ ઐશ્વર્ય દર્શનની કથા સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે હજારો ભક્તજનોએ કથા શ્રવણ કર્યું. યુવાન હરિભક્તોએ મંદિરને સુંદર લાઈટ રોશનીથી શણગાર્યું હતું. શુક્રવાર સાંજે કથાની પૂર્ણાહુતિ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. શનિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયો. અન્નકૂટ આરતી બાદ પ્રાસંગિક સભામાં યજમાન દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી થયા અને યજમાન પરિવારોનું પણ પ.પૂ. મહારાજશ્રી દ્વારા સન્માન થયું.

સભામાં શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી, શા. વિશ્વપ્રકાશદાસજી, શા. વિવેકસાગરદાસજી, વ્રજવલ્લભ સ્વામી, ઘનશ્યામ સ્વામી, શ્રીજી સ્વામી, શાંતિ સ્વામી, શા. રામ સ્વામી, ધર્મકિશોર સ્વામી, નરનારાયણ સ્વામી અને જ્ઞાનપ્રકાશ સ્વામીની પ્રેરક વાણી બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેકલેન્ડમાં ૭ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા લેકલેન્ડ મંદિરના પૂજારી શા.સ્વા. વિવેકસાગરદાસજી તથા શા. વિજયપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લેકલેન્ડમાં બિરાજમાન ઠાકોરજીનો ૭ મો પાટોત્સવ ૨૪-૮-૧૨ થી ૨૬-૮-૧૨ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દેવનો ષોડશોપચાર મહાભિષેક, અન્નકૂટ આરતી વિધિવત રીતે સંપન્ન થયા.

આ પ્રસંગે સુંદર કાંડની કથા શા.સ્વા. વાસુદેવચરણદાસજીએ સુંદર રીતે કરી હતી. અન્ય આપણા મંદિરોના સંતો નરનારાયણ સ્વામી, શા.કે.પી. સ્વામી અને નિલકંઠ સ્વામીએ સભામાં ભગવાન અને ધર્મકુળ સંબંધી કથા વાર્તારૂપે વાણીનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સત્સંગી ભાઈ-બહેનોની સુંદર સેવા પ્રાપ્ત થઈ હતી. (નલિનભાઈ પટેલ, પ્રમુખ)

**પ.પૂ. મોટા મહારાજશ્રીની એટલાન્ટામાં પધરામણી**

શ્રીજી મહારાજની કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી એટલાન્ટા મંદિરમાં નાના-મોટા પ્રસંગો ધામધુમથી ઉજવાય છે.

તા. ૧૩-૯-૧૨ થી તા. ૧૭-૯-૧૨ સુધી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે જ્યોર્જીયા સ્ટેટના એટલાન્ટા તથા આજુ બાજુના શહેરમાં વસતા નિષ્ઠાવાળા હરિભક્તોએ પ.પૂ. મોટ મહારાજશ્રીની પધરામણી કરાવીને થાળ વગેરે જમાડી આશીર્વાદ મેળવ્યા હતા.

તા. ૧૬-૯-૧૨ રવિવારના રોજ મંદિરમાં જ સુંદર સભાનું આયોજન થયું. જેમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનું આગમન થતા હરિભક્તોએ વાજતે ગાજતે ભવ્ય સ્વાગત સામૈયું કર્યું. અને અધિક માસ નિમિત્તે અત્રે મંદિરના મહંત સ્વામી સત્યસ્વરૂપદાસજીના વક્તાપદે થતી દશમસ્કંધ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી રાજીપો દર્શાવ્યો.

સાથે પધારેલા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં દેવ, આચાર્યશ્રીના દર્શનનો લાભ લઈ પ્રસાદ લઈ ધન્ય બન્યા. હરિભક્તો ભાઈઓ અને બહેનોએ રસોડામાં સુંદર સેવા બજાવી હતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ટેક્સાસ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી આપણા મંદિરમાં દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. શ્રાવણ માસમાં સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ કથા પારાયણનો સુંદર લાભ આપ્યો હતો. હિંડોળા ઉત્સવ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી યુવા શિબિરનું સુંદર આયોજન થયું હતું. અધિક માસમાં સ.ગુ.શા. વાસુદેવ સ્વામીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથા કરવામાં આવી હતી. જ્ઞાન સ્વામી પણ પ્રેરણાત્મ પ્રવૃત્તિમાં સહકાર આપે છે.

(રમેશ પટેલ)

**પિયોરિયા ચેપ્ટર (I.S.S.O.)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે પિયોરીયા ચેપ્ટરમાં રવિવારે સાંજના ૬ થી ૮ સત્સંગ સભા થાય છે. બાળકો માટે સુંદર કાર્યક્રમ થાય છે. ૯ સપ્ટેમ્બરના પરેશભાઈ પટેલના પુત્રના જન્મદિન નિમિત્તે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી બાળકો માટે સત્સંગ સભા વગેરે કાર્યક્રમો થયા હતા. અહીં ધર્મકુળના આશીર્વાદથી હરિભક્તો સત્સંગ કરીને અન્યને ભગવાન ઓળખાવે છે. (રમેશ પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| શ્રાવણ સુદ-૨ | પટેલ હંસાબેન ઘનશ્યામભાઈ (મોહનથાળ-મોતૈયા) | સુરત |
| શ્રાવણ સુદ-૨ | વરસાણી ધનજી નારણ (મોહનથાળ-મોતૈયા) | સામત્રા-કચ્છ |
| શ્રાવણ સુદ-૩ | પિકોક ઈન્ડ. શ્રી નરેશભાઈ ગેરેટીયા (દુધપાકપુરી) (હા. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૩ | પટેલ હિરાબેન ગિરધરભાઈ (જીતેન્દ્રભાઈ) (ચુરમાના લાડુ) | નારદીપુર |
| શ્રાવણ સુદ-૩ | અ.નિ. શર્મિષ્ઠાબેન દેવનારાયણ જાની (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૩ | પટેલ દશરથભાઈ રમણભાઈ (દૂધપાક પુરી) | કલોલ |
| શ્રાવણ સુદ-૪ | સ.ગુ. સ્વામી રામકૃષ્ણદાસજી (બાસુંદીપુરી) (હ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી) | |
| શ્રાવણ સુદ-૭ | પટેલ કાશીબેન સોમાભાઈ (માલપુવા) | માણેકપુર |
| શ્રાવણ સુદ-૧૨ | હિરાણી પ્રેમજી કાનજી દેવશી (મગસ) | માનકુવા-કચ્છ |
| શ્રાવણ સુદ-૧૨ | સોની ભોગીલાલ કાનજીભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૨ | અ.નિ. રતિલાલ પુરુષોત્તમદાસના સ્મરણાર્થે (બુંદીના લાડુ) (હ. બ્ર. સ્વા. રાજેશ્વાનંદજી) | અમદાવાદ |
| શ્રાવણ સુદ-૧૪ | પરમાર લાલજીભાઈ માનસંગભાઈ (ચુરમાના લાડુ) (હ. કાજલબેન) | બળોલ-ભાલ |
| શ્રાવણ સુદ-૧૫ | પટેલ રતીભાઈ આદરભાઈ (મગસ) | સાબરમતી |
| શ્રાવણ વદ-૧ | ભૂડીયા કાંતિભાઈ કેશરા (ચુરમાના લાડુ) | ફોટડી-કચ્છ |
| શ્રાવણ વદ-૧ | પટેલ યજ્ઞેશભાઈ ચતુરભાઈ (ચુરમાના લાડુ) | ધમાસણા |
| શ્રાવણ વદ-૨/૩ | પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (મોહનથાળ) (હ. રમણભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી) | સાબરમતી |
| શ્રાવણ વદ-૨/૩ | ભાવેશભાઈ બળદેવભાઈ (મોહનથાળ) | બદપુરા |
| શ્રાવણ વદ-૨/૩ | છભાડીયા પ્રેમજી નારણભાઈ, લાલબાઈ પ્રેમજી (મોહનથાળ) | માંડવી-કચ્છ |
| શ્રાવણ વદ-૪ | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી (મોહનથાળ) (હ. મહેન્દ્રભાઈ કૈયલ, દિનેશભાઈ) | મથુરા મહંતશ્રી |
| શ્રાવણ વદ-૪ | પાટડીયા અલ્પેશ દિનેશચંદ્ર (મોહનથાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૪ | પટેલ હરજીવનભાઈ દેવજીભાઈ (મોહનથાળ) (હ. હરિસ્વરૂપ સ્વામી) | ગોઠીબ |
| શ્રાવણ વદ-૪ | ચૌહાણ ધવલ અશોકભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૪ | મોઢા કિશોરભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| શ્રાવણ વદ-૪ | પટેલ ગફુરભાઈ વસંધર (મોહનથાળ) (હ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી) | ખંભાત |
| શ્રાવણ વદ-૪ | અ.નિ. પટેલ અરવિંદભાઈ સોમાભાઈ (મોહનથાળ) | કુડાસણ |
| શ્રાવણ વદ-૫ | અ.નિ. ગાંગજી કરશન વેકરીયા (મગસ) | માંડવી-કચ્છ |
| શ્રાવણ વદ-૫ | અ.નિ. હીરાણી મનજી વિરજી (બુંદી) (હ. દેવજી વિરજી) | માંડવી-કચ્છ |
| શ્રાવણ વદ-૮ | પટેલ મણીબેન જોઈતારામભાઈ (ફરાળ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૯ | પટેલ રણછોડભાઈ જીવાભાઈ (મોહનથાળ) | સૂકાટીંબા |
| શ્રાવણ વદ-૯ | પટેલ નારણભાઈ તળસીભાઈ (મોહનથાળ) | ઉનાવા |
| શ્રાવણ વદ-૯ | પટેલ વિનુભાઈ પ્રહલાદભાઈ (માલપુવા) | કૈયલ |
| શ્રાવણ વદ-૯ | રાબડીયા ધનજી રામજી (મોહનથાળ) | વાડાસર-કચ્છ |
| શ્રાવણ વદ-૧૦ | પટેલ અમરતલાલ ભગાભાઈ (ચુરામાના લાડુ) (હ. શ્રીલાલકાકા) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૦ | બાબુભાઈ રામજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| શ્રાવણ વદ-૧૨ | કામદાર મયંક ધિરેનભાઈ અનંતરાય (મગસ) | પોરબંદર |
| શ્રાવણ વદ-૧૨ | અ.નિ. કીરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ (દૂધપાક માલપુવા) | મોખાસણ |
| શ્રાવણ વદ-૧૩ | ગજપરીયા લાલજી મનજી (દુધીનો હલવો) (હ. કે.પી. સ્વામી, ભુજ) | માંડવી-કચ્છ |
| શ્રાવણ વદ-૧૪ | પટેલ હસુમતીબેન દશરથભાઈ (મગસ) (હ. મહંત સ્વા. દેવપ્રકાશદાસજી) | ડાંગરવાવાળા |
| શ્રાવણ વદ-૩૦ | અ.નિ. સ.ગુ. સ્વામી હરિકૃષ્ણદાસજી ગુરુ કેશવજીવનદાસજી (મોતૈયા) (હ. રણછોડ ભગત) | વડતાલ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર લેસ્ટર (યુ.કે.)
૧૦૧/- અ.નિ. માવજી હિરજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર વિલેપાર્લે
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- જગદીશ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૨૫૧/- પટેલ અમિતભાઈ નંદુભાઈ કેનેડા ગયા તે નિમિત્તે સાબરમતી
૧૦૧/- ચૌહાણ સ્મિત સંજયભાઈ જન્મદિને
૫૦૧/- ગજ્જર જયંતીલાલ મોતીલાલ ચિ. આનંદના લગ્ન પ્રસંગે
૧૫૧/- પરમાર ચંદ્રેશ દયાળજીભાઈ મોટર સાયકલ નિમિત્તે સુરત
૨૦૧/- પરમાર ચંદ્રેશ દયાળજીભાઈ એ.ઈ. માં નોકરી મળી તે નિમિત્તે સુરત
૧૦૧/- અ.નિ. ભાવસાર રમેશ સોમાભાઈના સ્મરણાર્થે માણસા
૨૦૧/- અ.નિ. ભાવસાર શાંતાબેન છનાલાલ નારણપુરા
પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- વાઘેલા અજયસિંહ હિતુભા સગાઈ પ્રસંગે રાજકોટ
૧૦૧/- વાઘેલા હર્ષાબા હિતુભા સગાઈ પ્રસંગે રાજકોટચ
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- ખેર ટવિંકલ ઘનશ્યામભાઈ ધો-૧૦ માં ૮૯ ટકા નિમિત્તે સુરેન્દ્રનગર
૧૦૦/- સોનાલબેન સંજયભાઈ જન્મદિને અમદાવાદ
૧૦૦૦/- પટેલ પ્રતિક ચિનુભાઈ એ. શ્રીજી પ્રસન્નાર્થે સીડની (પોરવાળા)
૧૫૧/- મોદી મેઘનાબેન પ્રવિણભાઈ નોકરી નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ હેતલબેન કિશોરકુમાર એકટીવા નિમિત્તે અમદાવાદ
૨૦૧/- અ.નિ. પટેલ મણીલાલ મોહનલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે વડનગર
૧૦૧/- અ.નિ. મણીલાલ પુણ્યતિથિ નિમિત્તે વડનગર
૧૦૧/- અ.નિ. જ્યોતિબેન પરસોતમદાસ પુણ્ય તિથિ નિમિત્તે વડનગર
૧૦૧/- પટેલ કમળાબેન રમણભાઈ પુણ્યતિથિ નિમિત્તે અંબાપુર
૧૦૧/- પટેલ શીવાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણા
૧૦૧/- ચૌધરી દુષ્યંતકુમાર નરેન્દ્રભાઈ પીથુભાઈ જન્મ દિને માણેકપુર
૧૦૧/- પટેલ હીનાબેન વિશાલકુમાર પ્રથમ પગાર નિમિત્તે દહેગામ
૧૦૧/- પટેલ સૂજાતા મૌલિકકુમાર અમેરિકાના વિઝા નિમિત્તે સાબરમતી
૧૦૦/- કા. મોહનલાલ ઓચ્છવલાલ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૫૦/- પટેલ વિઠ્ઠલભાઈ નાથાભાઈ બાબાના જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૧/- પંડ્યા ગાયત્રીબેન અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બોપલ
૧૦૦/- ગોહિલ હાર્દિક કિરણભાઈ ડિપ્લોમાં એડમીશન નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ કિંજલબેન મુકેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ન્યુરાણીપ
૧૦૧/- રાઠોડ શિતલબેન પરેશભાઈ જન્મદિને જીરાગઢ
૧૦૧/- પટેલ કૌશલકુમાર હેમંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા
૧૦૧/- પટેલ જશોદાબેન પ્રવિણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા
૧૫૧/- પટેલ પ્રિન્સ સંજયકુમાર જન્મદિને મોટેરા
૧૦૦/- દરજી મનોજકુમાર અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ મિહિકા મુકેશભાઈ પાસ થયા તે નિમિત્તે ઝુલાસણ
૨૦૧/- ચોટલીયા અનુસયાબેન સંજયભાઈ બેબીના જન્મ પ્રસંગે જીરાગઢ
૧૦૧/- પોંકીયા લીલાબેન નનુભાઈ બાપુનગર
ચિ. હિરલબેનના ચાંલ્લા નિમિત્તે
૧૦૧/- પટેલ રવિન્દ્ર જીવાભાઈ ૬૧ માં જન્મ દિને નરોડા
૧૦૦/- શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ડાભી નવલસિંહ ભવાનજી પૌત્ર જન્મ પ્રસંગે ડાંગરવા
૧૦૧/- અરૂણાબેન તથા હર્ષાબેન પંચ તિથિ નિમિત્તે માલણપુર
૧૦૧/- ચૌધરી હિરાબા ગેમરભાઈના સ્મરણાર્થે માણેકપુર
૧૦૦/- ચૌધરી જયમીન અશોકભાઈ જન્મદિને આમજા
૧૦૦/- ચૌધરી મેનાબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે આમજા
૧૧૧/- પટેલ કાવ્ય અલ્પેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે આનંદપુરા
૧૦૧/- વાઘેલા હર્ષિલસિંહ ગજેન્દ્રસિંહ જન્મદિને ગોધાવી
૨૦૧/- બૂટીયા ગણેશભાઈ ડાહ્યાભાઈ કાલીયાણા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૫૦૧/- અ.નિ. રંજનબેન મણીભાઈ (તા. ૧-૪-૧૨) સ્મરણાર્થે બાયડ
૧૦૧/- અ.નિ. વેગડ શાંતિલાલ રાધવજીભાઈના સ્મરણાર્થે સુરત
૨૦૦/- પટેલ જયદિપભાઈ મહેન્દ્રભાઈ જન્મદિન નિમિત્તે સીમરીકંપા
૧૦૦/- કા. ઘનશ્યામભાઈ કેશવલાલ જન્મદિન નિમિત્તે લુણાવાડા
૧૦૦/- મોરી સતીષભાઈ કમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- સુખડીયા ધીમહી પિંકલકુમાર પ્રથમ જન્મદિને મુંબઈ
૧૦૦/- પટેલ મણીલાલ પરસોતમદાસ કોલાદ
ચિ. આર્યન અને ધ્રુવના જન્મદિને
૧૦૧/- પરમાર મોહનભાઈ મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોરડા
૧૦૧/- પરમાર લાલજીભાઈ કાનાભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે પોરડા
૨૦૦/- પટેલ સવિતાબેન મનસુખભાઈ હઠીપુરા
શ્રાવણ અને અધિક માસ નિમિત્તે
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- શાહ ભરતભાઈ સોમાભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે બાયડ
૧૦૦/- પટેલ અનંતિકાબેન ચંદ્રેશભાઈ નોકરીના ૧૯ વર્ષ નિમિત્તે આકરૂંદ
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ અધિક માસ નિમિત્તે ખેરોલ
૧૦૧/- પટેલ કનૈયાલાલ દેવજીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે રતનપુર
૧૦૦/- કા. હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- ભાવસાર ભાવેશ સુરેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- કાછીયાણી નારણભાઈ રવજીભાઈ વાપી
ચિ. આકાશ અને હર્ષના જન્મદિને
૧૦૧/- મોદી અંકિતકુમાર સુરેશભાઈ ચિ. દેવેનના પ્રથમ જન્મદિને માણસા
૧૦૧/- દેસાઈ ઘનશ્યામભાઈ અરજણભાઈ ઠક્કરનગર
બદ્રિનારાયણ યાત્રા નિમિત્તે
૨૫૧/- સોની આરતીબેન નિકુંજકુમાર ચાંદ્રાયણ વ્રત કર્યું તે નિમિત્તે સાણંદ
૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ
ચિ. ચિરાગને ત્યાં પુત્રીના જન્મપ્રસંગે આણંદપુરવાળા
૧૫૧/- સોલંકી પ્રવિણભાઈ ઠાકોરભાઈ અમદાવાદ
ચિ. અચલના વેવિશાળ નિમિત્તે

૧૫૧/-સોલંકી પ્રવિણભાઈ ઠાકોરભાઈ અમદાવાદ
ચિ. અચલના લગ્ન પ્રસંગે
૧૫૧/-સોલંકી પ્રવિણભાઈ ઠાકોરભાઈ નવી ગાડી નિમિત્તે અમદાવાદ
૨૦૦/-પટેલ ભીખાભાઈ અંબાલાલ ચિ. પૌત્ર પ્રથમના જન્મદિને ડાંગરવા
૧૦૧/-પટેલ વસંતભાઈ સીતારામ ઉંઝાવાળા
ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૧/-પટેલ સચિનભાઈ વસંતભાઈ એડીલેડ
નવું મકાન અને બિજનેશ નિમિત્તે
૧૦૦/-પરમાર એલ.વી. શ્રીજી પ્રસન્નાર્થે બળોલ-ભાલ
૧૦૦/-પટેલ રતિલાલ ચતુરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ટ્રેન્ટ
૨૫૧/-પટેલ રમેશભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૫૦૧/-પાંચાણી નારણભાઈ રામજી દહીંસરા-કચ્છ બોલ્ટન
ધ.પ. રતનબાઈ પુત્ર સંજયધ.પ. નીતાબેન
પુત્રી નિહારિકા નારણ પાંચાણી બોલ્ટન
મંદિરના ૩૯ માં પાટોત્સવ પ્રસંગે
૧૦૦/-પટેલ દિપકભાઈ ચતુરભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે સાણોદા
૧૦૦/-પટેલ વિનુભાઈ અંબાલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ગવાડા
૧૦૦/-પટેલ જીગરભાઈ ઘનશ્યામભાઈ ચિ. દક્ષના જન્મદિને વહેલાલ
૧૦૧/-ગજ્જર મોનિસ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/-પટેલ વ્રજ રમણલાલ જન્મદિને જાનવડ
૧૦૦/-પટેલ જયંતીભાઈ રામભાઈ બદ્રિનારાયણ યાત્રા નિમિત્તે નારોલ
૧૦૧/-કા. અમિતકુમાર ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલાસિનોર
૧૦૧/-શ્રી બાલાજી પંપ એન્ડ સ્પેર્સ શ્રીજી પ્રસન્નાર્થે હુબલી
૧૦૧/-મોહનબાપા પરિવાર પુણ્યતિથિ નિમિત્તે ખેડાવાળા
૧૫૧/-અ.નિ. મીનાબેન અમૃતલાલના સ્મરણાર્થે સોજા
૧૦૧/-પટેલ ભોળાભાઈ હરગોવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદીસણાવાલા
૧૧૧/-અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૨/-ભાવસાર પ્રભાવતીબેન બળદેવભાઈ નવોવાસ-અમ.
(તા. ૩૧-૮-૧૨)ના સ્મરણાર્થે
૧૦૧/-પોરીયા વિપુલભાઈ નાનજીભાઈ ઓલપાડ
ડિપ્લોમાં એડમીશન નિમિત્તે

૨૧૦/-ડૉ. ભરતભાઈ સી. યાજ્ઞિક પૌત્ર-પૌત્રીના અભ્યાસાર્થે અમદાવાદ
૧૦૧/-ચૌધરી ધાર્મિકકુમાર ડાહ્યાલાલ કેનેડા ગયા તે નિમિત્તે બદપુરા
૧૦૧/-ચૌધરી હર્ષિલકુમાર ડાહ્યાભાઈ કેનેડા ગયા તે નિમિત્તે વેડાપિલવાઈ
૧૦૧/-પટેલ મનોજભાઈ નારણભાઈ જન્મદિને ગવાડાવાળા
૨૦૦/-પટેલ ઉર્મિલાબેન નિલેશભાઈ જેતલપુર
ચિ. વૈભવી અને દિપ બોર્ડમાં પાસ થયા તે નિમિત્તે
૨૦૦/-અ.નિ. પટેલ કમળાબેન ધાભાઈદાસના સ્મરણાર્થે અંબાપુર
૧૦૦/-દયાબેન કીર્તિકુમાર પુરુષોતમ માસ નિમિત્તે અમદાવાદ
૨૦૧/-પટેલ પુલ્લક રમણભાઈ ઉનાવા
તલાટીમાં ગાંધીનગરમાં નોકરી નિમિત્તે
૧૦૧/-પટેલ કાશીબેન લાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૧/-પટેલ શૈલેષભાઈ ઘનશ્યામભાઈ નવું મકાન નિમિત્તે વડુવાળા
૨૦૧/-પટેલ પ્રવિણકુમાર અમૃતલાલ ચિ. દક્ષના જન્મદિને અમદાવાદ
૧૦૦/-સાપરીયા પ્રિયંક રમેશભાઈ એન્જી.માં એડમિશન નિમિત્તે વાપી
૧૦૧/-પટેલ મૌલિક દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૫૦૧/-દવે દેવલ નિરજ અધિકમાસ નિમિત્તે બેંગ્લોર
૨૦૧/-ઠક્કર સોમચંદભાઈ હેમચંદભાઈ અમદાવાદ (સ્વા. માસિક ઓ.)
શ્રી નરનારાયણદેવે સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે
૧૦૦/-અ.નિ. સોની કમળાબેન શામળદાસના સ્મરણાર્થે અમદાવાદ
૧૦૧/-સોની રાકેશ પ્રવિણકુમાર અમદાવાદ
યુ.કે.માં પી.આર. થયા તે નિમિત્તે
૧૦૧/-અ.નિ. સોની અનિલાબેન પ્રવિણકુમાર અમદાવાદ
બીજી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/-પટેલ ચંદ્રકાન્તભાઈ, અલકાબેન શ્રીજી પ્રસન્નાર્થે અસલાલીવાળા
૧૦૧/-કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૫૧/-અ.નિ. ખેર ઘનશ્યામભાઈ બબાજીના સ્મરણાર્થે સોજા
૧૦૧/-પરમાર કેતન વિઠ્ઠલભાઈ પુરુષોત્તમ માસ નિમિત્તે રાજકોટ
૧૦૨/-ચૌહાણ નાનજીભાઈ લક્ષ્મણભાઈ પુરુષોતમમાસ નિમિત્તે રાજકોટ
૫૦૧/-પટેલ નંદુભાઈ ભાઈલાલભાઈ સાબરમતી
ચિ. અમિતને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/-સોલંકી ઉમેશ એન. ચિ. ત્રિશાના જન્મદિને અમદાવાદ

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**નારાયણપુરા (તા. કડી) :** પ.ભ. ડૉ. ગોવિંદભાઈ એન. પટેલ તા. ૨-૮-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા કરતા અમેરિકા મુકામે અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-બાપુનગર :** પ.ભ. લાલજીભાઈ પટેલ તા. ૩૦-૮-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (નવોવાસ) :** પ.ભ. હસમુખભાઈ ભાવસારના માતુશ્રી પ્રભાવતીબેન બળદેવભાઈ તા. ૩૧-૮-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. સોની શામળદાસભાઈ (મોરબીવાળા)ના ધર્મપત્ની સોની કમળાબેન તા. ૧૦-૯-૧૨ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટીંબા (તા. વઢવાણ) :** પ.ભ. વાલાભાઈ મલુભાઈ ગોહિલ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.